Price : 5/-
Total Page : 32 Monthly

# જાગૃતિ સંદેશ

## JAGRUTI SANDESH

Vol 19 Issue No. 6 - Mumbai JUNE -2019

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર



એક પાવન પરિવર્તન

# ચાતુર્માસ



જેજેસી જુહુ બીચ
આજે પરિવર્તનનો જમાનો છે. ડિજિટલ યુગ - ઈન્ટરનેટ
મોબાઈલ - ગુગલ વગેરેમાં પરિવર્તન આવી રહ્યુ છે.
તમારા પરસ્પર એકબીજાને યોગ્ય અને સચોટ
પાત્રનું મિલન થાય તે માટેનો અમારો એક નવો પ્રયાસ
શરૂ થાય છે. જેજેસી જુહુ બીચની ઓફિસમાં
તા. ૧-૭-૨૦૧૯થી સમય : ૧૧ થી ૭.
Life Partner
જેજેસી જુહુ બીચ,
૨૧૦, ૨જે માળે, એમ. એલ. સ્પેશ બિલ્ડિંગ, મેક ડોનાલ્ડની સામે, ડી. જે. રોડ,
જૈન મંદિરની પાસે, સ્ટેશન રોડ, વિલેપાર્લા (વેસ્ટ)
Advt.

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ

## જાગૃતિ સંદેશ

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, ગરવારે પૉલિસ્ટરની નજીક, એક્સિસ બૅન્કની ઉપર વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.

ફોનઃ ૦૨૨-૬૬૯૭૩૦૩૮/૦૨૨-૬૬૯૫૬૬૯૯

Website: www.jainjagruti.com

E-mail: admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : શ્રી ચંદ્રકાંત એફ. શાહ



**કૅબિનેટ કમિટી ૨૦૧૮-૨૦૧૯**

| | | |
|---|---|---|
| ચૅરમૅન | : | શ્રી સંજય બી. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : | શ્રી રમેશભાઈ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| | | શ્રી પ્રવીણ એ. શાહ |
| સેક્રેટરી જનરલ | : | શ્રી કિશોર એસ. શેઠ |
| સેક્રેટરી | : | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | | શ્રી ઉદય ડી. સંઘવી |
| | | શ્રી અનિલ જી. દોશી |
| | | શ્રી વિજય એચ. મહેતા |
| ડેવલપમેંટ સેક્રેટરી | : | શ્રી સુનીલ પી. શાહ |
| ખજાનચી | : | શ્રી રાજેશ સી. ગાંધી |
| | | શ્રી રાજેશ આર. ભણસાલી |
| તંત્રી | : | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | | |
|---|---|---|
| ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : | શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન/અનુદાન ટ્રસ્ટી | : | શ્રી કિશોર એન. શાહ |
| વાઈસ ચૅરમૅન / ટ્રસ્ટી | : | શ્રી રમેશ જે. મોરબિયા |
| વાઈસ ચૅરમૅન / કાયમી ટ્રસ્ટી | : | શ્રી સંજય બી. શાહ |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : | શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી / ટ્રસ્ટી | : | શ્રી અમિત ડી. કોઠારી |
| ખજાનચી / ટ્રસ્ટી | : | શ્રી હસમુખ કે. દેઢિયા |

(અનુદાન ટ્રસ્ટી)

શ્રી પ્રવીણ જી. શાહ, શ્રી કમલેશ સી. શાહ

**કાયમી ટ્રસ્ટી** : શ્રી હર્ષદ જે. ગાંધી

(ટ્રસ્ટીઓ)

| | |
|---|---|
| શ્રી અનિલ જી. દોશી | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી રાજેશ આર. ભણસાલી |
| શ્રી રાજેશ સી. ગાંધી | શ્રી ધર્મેશ એસ. જૈન |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી ચંદ્રકાંત એફ. શાહ |

આમંત્રિત

| | |
|---|---|
| શ્રી દિનેશ વ્હી. શાહ | શ્રી કીર્તિ કે. શાહ |
| શ્રી કિરણ એચ. શાહ | શ્રી મુકેશ સી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી મહેંદ્ર પી. શાહ |
| શ્રી ઉદય ડી. સંઘવી | શ્રી રમેશ જી. લાખાણી |

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.**
**કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**


**છૂટક મૂલ્ય રૂ.૫/- વાર્ષિક લવાજમ રૂ.૫૦/-**

## Message From The CHAIRMAN.....



મારા સ્નેહાળ મિત્રો ભાઈઓ તથા બહેનો - બાળકો,

જય જિનેન્દ્ર,

ચોમાસું બેસી ગયું છે. લાખો ને કરોડોના ખર્ચે સ્થાપેલ વેધશાળાઓએ આ વર્ષના સારા ચોમાસાની આગાહી આપી દીધેલ છે, જેથી સર્વ જગ્યાએ ચિંતાનો માહોલ નથી. આપણો દેશ ખેતીપ્રધાન હોવાથી ચોમાસા પર આપણી બધી સુખ-શાંતિનો આધાર રહેલો છે. પીવાના પાણીથી લઈને ખેતીવાડી, ઈન્ડસ્ટ્રી તથા ઘરવપરાશના પાણીનો આધાર વરસાદ પર હજી સુધી રાખીએ છીએ. છેલ્લાં કેટલાંય વર્ષોથી વિજ્ઞાને સાધેલી પ્રગતિનો લાભ આપણે સંપૂર્ણપણે લઈ શક્યા નથી. **Drop irrigation** અને **sprinkle irrigation**નો લાભ ઈઝરાઈલ જેવા દેશે લઈ ખેતીવાડીમાં જબ્બર પરિવર્તન આણ્યું છે. શહેરોમાં અને ગામડાંમાં રેઈન વૉટર હાર્વેસ્ટિંગ અને વૉટર ફિલ્ટર પ્લાન્ટ (**Recycling of Drain Water**) વધુ ઉપયોગી સાબિત થાય એમ છે અને ઘણાં શહેરોએ રેઈન વૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ફરજિયાત બનાવેલ છે, છતાં તે તરફની ઉદાસીનતા અને સંકલનના અભાવે જોઈએ એટલો વિકાસ પામી નથી, નહીંતર મુંબઈ જેવા શહેરને વહેલા-મોડા વરસાદના અભાવનો સામનો ના કરવો પડત.

જોકે, વેધશાળાઓની આગાહીઓ બહુ **Reliable** નથી હોતી. એના કરતાં તો ગામડાના ખેડૂતોની રૂખ જોઈને જે આગાહી હોય છે તે વધુ વિશ્વાસુ હોય છે. ચોમાસાની શરૂઆતમાં બહાર નીકળેલા અળસિયાની સંખ્યા જોઈને કેટલો વરસાદ પડશે તે વિશે તેઓ કહી શકતા હતા.

જૈનોનાં પર્વ-ચાતુર્માસનો પ્રારંભ અષાઢી પૂનમ તા. ૧૬-૭-૧૯ની શુભ દિને શરૂઆત છે. પૂ. સાધુ-સાધ્વીજીઓ ઉપાશ્રય-સ્થાનકોમાં ચાર મહિના માટે સ્થિર થઈ જશે. દરેક જૈનો ધર્મમય બની જશે. મારું એવું

નિરીક્ષણ છે કે કેટલાક સમયથી યુવાનો-બાળકો વગેરેને ધર્મ પ્રત્યે આકર્ષી ઉપાશ્રયો કે સ્થાનકો સુધી લઈ આવવા અને તેઓને ધર્માભિમુખ કરવા કેટલાક ગુરુદેવો સફળ થયા છે. પહેલાં નિવૃત વયસ્કોથી જ શોભતાં ધર્મસ્થાનકોમાં હવે યુવાનોની હાજરી ધ્યાન ખેંચે છે. આ બહુ સૂચક છે.

જેજેસીનો શિરમોર પ્રોજેક્ટ 'ઉચ્ચ શિક્ષણ અભિયાન'માં આ વર્ષે વરસી રહેલી સહાયનો વરસાદ જેમાં અપેક્ષાથી અધિક ફાળો આ વર્ષે દરેક સેન્ટરમાંથી આવી રહ્યો છે. આપણા શ્રેષ્ઠીઓ તરફથી પણ સારા પ્રસ્તાવ આવે છે. આ પરથી સાબિત થાય છે કે આ પ્રોજેક્ટની સર્વસ્વીકૃતિ થઈ રહી છે. લોકોને Realise થઈ રહ્યું છે કે ભવિષ્યના સુખી-સમૃદ્ધ સમાજ માટે આ પ્રોજેક્ટ સફળતાપૂર્વક આગળ ધપાવવો બહુ અગત્યનો થઈ ગયો છે.

છેલ્લાં ચૌદ વર્ષમાં લગભગ ૮૮૫૯ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ૬૬.૩૮ કરોડથી વધુ સહાય અપાઈ ચૂકી છે અને અત્યાર સુધીમાં લગભગ ૨૪૮૪ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂર્ણ કરી ચૂક્યા છે અને તેઓ સારી નોકરીએ અથવા પોતાના બિઝનેસમાં વ્યવસ્થિત લાગી ચૂક્યા છે અને તેઓ પણ પોતાની ફરજ સમજીને લીધેલી સહાય ડોનેશનરૂપે પરત જમા કરાવતા પણ થઈ ચૂક્યા છે જે આપણું જમાપાસું છે, પરંતુ ગયા વર્ષ કરતાં આ વર્ષે વધુ રકમની જરૂર પડવાની છે.

હવે પ્રવાહ પલટાયો છે. હાયર ઍજ્યુકેશનનો પ્રભાવ ઘણો વધી ગયો છે. દરેક વિદ્યાર્થીએ હાયર ઍજ્યુકેશન લેવું અનિવાર્ય બની ગયું છે. સ્પેશિયાલિટીનું મહત્ત્વ બહુ જ વધી ગયું છે. સુખી-સંપન્ન-મજબૂત સમાજનું નિર્માણ કરવા જૈન બાળકો વધુ ને વધુ ભણે તે માટે જૈન સમાજના પૈસેટકે સમૃદ્ધ લોકોએ પોતાની ફરજ નિભાવવી જ જોઈએ અને એ સંદર્ભમાં જ જૈન જાગૃતિ સેન્ટર જેવી સંસ્થા અથાક પ્રયત્ન કરી રહી છે.

આપ સૌ જૈન જાગૃતિ સેન્ટરના જ એક સભ્ય છો તેથી કોઈ પણ ટેલેન્ટેડ જૈન બાળક/વિદ્યાર્થી પૈસાના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે જોવાની સમગ્ર જૈન સમાજની સાથે આપણી પણ ફરજ છે.

સમાજની એક અગ્રગણ્ય સંસ્થાની હેસિયતથી આપણે આ અભિયાન શરૂ કર્યું છે. સેન્ટ્રલ બોર્ડ આપ સૌ તરફથી ઘણી જ આશા લઈને આવે છે. વરસમાં ફક્ત એક જ વાર આ માટે આપની પાસે આવીએ છીએ. આ અભિયાન દરેક જેજેસી સભ્યનો સહિયારો યજ્ઞ છે. આનાં ફળ વરસોવરસ મળતાં રહેશે. છેવટે જૈન સમાજ એક પ્રબળ સમૃદ્ધ સમાજ બનીને જ રહેશે. અમે તમારી પાસે આવી રહ્યા છીએ. હજી પાંચ વર્ષ માટે આવીશું. ત્યાર બાદ આ અભિયાન પોતાની મેળે જ ચાલશે.

લાડકી નામનો એક અનોખો ઓર્કેસ્ટ્રા પ્રોગ્રામ રજુ કરેલ છે. આ પ્રોગ્રામમાં મહત્વથી ૧૨ વર્ષની નાની પાચ લાડકવાઈ દીકરીઓ એક ઓર્કેસ્ટ્રાનો પ્રોગ્રામ રજુ કરે છે. તેમાં ખાસિયત એ છે કે એક નાની બાળકલાકાર ૯ વર્ષની બાળકી એન્કરીંગ આખા પ્રોગ્રામનું કરે છે. વધુ આ પ્રોગ્રામ માટે વખાણ નથી કરતો બસ ખાસ નમ્ર વિનંતી કે આ લાડકી ઓર્કેસ્ટ્રા પ્રોગ્રામ જોવાનું ભૂલતા નહી. તેમજ દરેક સેન્ટર એજ્યુકેશનની અપીલ માટે આ પ્રોગ્રામ રાખવાનું છે. તો દરેક સેન્ટર સેન્ટ્રલ બોર્ડની ઑફિસમાં પ્રોગ્રામની તારીખ લખાવી દેજો.

*લિ. સંજય બી. શાહ*

*ચૅરમૅનઃ જે.જે.સી. – સેન્ટ્રલ બોર્ડ*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|---|
| ● જેજેસી અમૃતનગર | : | ૧-૫-૧૯ | વીણાબેન વાયરલ થયા - નાટક | ✦ |
| ● જેજેસી બોરીવલી | : | ૧૫-૫-૧૯ | તમે ઘણું જીવો- નાટક | ✦ |
| ● જેજેસી ભાંડુપ વિક્રોલી | : | ૩૧-૫-૧૯ | કિટ્ટા બુચ્ચા - નાટક | * |
| ● જેજેસી. ચેમ્બુર | : | ૩૧-૫-૧૯ | Student of the year - ફિલ્મ | ◈ |
| ● જેજેસી. દહિસર | : | ૪-૫-૧૯ | બડે અચ્છે લગતે હૈ - નાટક | ◈ |
| ● જેજેસી. ઘાટકોપર | : | ૩૧-૫-૧૯ | સીતા ઔર ગીતા - નાટક | * |
| ● જેજેસી. જુહુ | : | ૮-૫-૧૯ | બરફના ચહેરા - નાટક | ◈ |
| | : | ૧૧/૧૨-૫-૧૯ | પ્રથમેશ - રિસોર્ટ | ✦* |
| | : | ૯-૫-૧૯ | ૩-ડી પિક્ચર એવેન્જર્સ - ફિલ્મ | ◈ |
| | : | ૨૧-૫-૧૯ | દે દે પ્યાર દે - ફિલ્મ | ◈ |
| | : | ૨૩-૫-૧૯ | ઈશારા ઈશારામાં - નાટક | ◈ |
| | : | ૨૪-૫-૧૯ | મ્યુઝીકલ મેલોડીઝ કા નશા - ઑર્કેસ્ટ્રા | ◈ |
| | : | ૨૫-૫-૧૯ | જુહુ પ્રીમીયર લીંગ - ક્રિકેટ મૅચ | * |
| ● જેજેસી. જુહુ બીચ | : | ૧૨-૫-૧૯ | **IPL Session** - ક્રિકેટ મૅચ ફાઈનલ | ◈ |
| ● જેજેસી. જેમ જગડુશા | : | ૭-૫-૧૯ | બહુ ના વિચાર - ફિલ્મ | ◈ |
| | : | ૧૨-૫-૧૯ | **IPL Final Match** | ◈ |
| | : | ૧૩-૫-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ◈ |
| ● જેજેસી. રૉયલ જગડુશા | : | ૬-૫-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ◈ |
| | : | ૮-૫-૧૯ | બહુ ના વિચાર - ફિલ્મ | ◈ |
| ● જેજેસી. કાંદિવલી | : | ૧-૫-૧૯ | મહા બ્લડ ડોનેશન કૅમ્પ | ◈ |
| | : | ૨૦/૨૧-૫-૧૯ | તમે ઘણું જીવો - નાટક | * |
| ● જેજેસી. લે.વિ. મહેસાણા | : | ૨-૫-૧૯ | ધ એન્જોય સિટી વૉટર પાર્ક - રિસોર્ટ | * |
| ● જેજેસી. લે.વિ. સે.મુંબઈ | : | ૧૫-૫-૧૯ | કર લો દુનિયા મુઠ્ઠી મે - નાટક | ◈ |

| | | | | |
|---|---|---|---|---|
| ● જેજેસી. મલાડ | : | ૮-૫-૧૯ | વીણાબેન વાયરલ થયાં - નાટક | ◈ |
| | : | ૨૬-૫-૧૯ | ભવ્ય ક્રિકેટ ટુર્નામેન્ટ - ક્રિકેટ મૅચ | ✦ |
| ● જેજેસી. મુંબઈ | : | ૨૯-૫-૧૯ | વીણાબેન વાયરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી. નૉર્થ ઈસ્ટ | : | ૪-૫-૧૯ | મ્યુઝીકલ સાપ સીડી - ગેમ શો | ◈ |
| | : | ૭-૫-૧૯ | તમે ઘણું જીવો - નાટક | ◈ |
| | : | ૯-૫-૧૯ | બહુ ના વિચાર - નાટક | ◈ |
| | : | ૨૮-૫-૧૯ | પી. એમ. નરેન્દ્ર મોદી - ફિલ્મ | ◈ |
| ● જેજેસી. નૉર્થ વેસ્ટ | : | ૬-૫-૧૯ | તમે ઘણુ જીવો - નાટક | ◈ |
| | : | ૮-૫-૧૯ | બહુ ના વિચાર - નાટક | ◈ |
| ● જેજેસી. નવી મુંબઈ | : | ૧૯-૫-૧૯ | ઠાકોરજી - નાટક | ★ |
| ● જેજેસી. નેરલ | : | ૧૯-૫-૧૯ | ઠાકોરજી - નાટક | ◈ |
| ● જેજેસી. પંતનગર | : | ૨૩-૫-૧૯ | બડે અચ્છે લગતે હૈ - નાટક | ★ |
| ● જેજેસી. પનવેલ | : | ૨૪-૫-૧૯ | બડે અચ્છે લગતે હૈ - નાટક | ◈ |
| ● જેજેસી. રજવાડી | : | ૧૦-૫-૧૯ | હા અમે ગુજરાતી - ઑર્કેસ્ટ્રા | ★ |
| | : | ૧૨-૫-૧૯ | IPL Final - ક્રિકેટ મૅચ | ★ |
| | : | ૧૯-૫-૧૯ | કિટ્ટા બુચ્ચા - નાટક | ✦ |
| ● જેજેસી. શિવાજી પાર્ક | : | ૧૩-૫-૧૯ | વીણાબેન વાયરલ થયાં - નાટક | ◈ |
| ● જેજેસી. સુર્યપુર-સુરત | : | ૨૬-૫-૧૯ | વિકલાંગ વિદ્યાર્થીઓ - ગેટ ટુ ગેધર | ★ |
| ● જેજેસી. વિલે પાર્લે | : | ૧૪-૫-૧૯ | કલ-આજ ઔર કલ - મ્યુઝીકલ પ્રોગ્રામ | ◈ |
| | : | ૨૧-૫-૧૯ | બડે અચ્છે લગતે હૈ - નાટક | ★ |
| | : | ૨૯-૫-૧૯ | વિકાસ ગાંડો થયો - નાટક | ◈ |
| ● જેજેસી. વાપી | : | ૫-૫-૧૯ | રેડ કાર્પેટ નાઈટ - ગેમ શો | ★ |

**સંજ્ઞા : જમણ સાથે ★ જમણ વિના ◈ નાસ્તો ✦**

**દરેક સેન્ટરના પ્રમુખ તથા સેક્રેટરીને આથી જાણ કરવામાં આવે છે કે દરેક કાર્યક્રમ પત્યા પછી તુરંત જ સર્ક્યુલર તથા ઈ-મેઈલ સેન્ટ્રલ બૉર્ડની ઑફિસમાં પહોંચાડવામાં આવશે તો જ ત્યાર પછીના ઈસ્યૂમાં છાપવામાં આવશે.**

**જૈન જાગૃતિ સેન્ટર તથા જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટના દ્વારા નીચેનાં પદાધિકારી તથા સર્વે સેન્ટરોના સેન્ટ્રલ બોર્ડના જન્મદિવસ નિમિત્તે ચૅરમૅન હાર્દિક શુભેચ્છા પાઠવે છે**

## JULY CHARTER DATE

| Sr. No. | Name Of Centre | Charter Date | President | Mobile No | Secretary | Mobile No. |
|---|---|---|---|---|---|---|
| 1 | Surendranagar | 05-07-1985 | Rajesh Shah | 9825285451 | Rajubhai Doshi | 9825491108 |
| 2 | Ladies Wing Surendranagar | 06-07-2008 | Smita Shah | 9427088979 | Leena Maniyar | 9898118168 |
| 3 | Ellisbridge | 07-07-1996 | Vijay Mehta | 9428404822 | Dilip Shah | 9825074794 |
| 4 | Kalol | 07-07-1996 | Dinesh Shah | 9825952900 | Paresh Sheth | 9825090062 |
| 5 | Umbergaon | 07-07-2012 | Kashmira Shah | 9426779158 | Manisha Shangvi | 9825494255 |
| 6 | Morbi | 12-07-1997 | Jiten Doshi | 9825259185 | Shirish Doshi | 9327545145 |
| 7 | Ladies Wing Morbi | 12-07-2015 | Khyati Sheth | 9825800424 | Nita Doshi | 9408187521 |
| 8 | Ladies Wing Mehsana | 13-07-1997 | Kashmira Harde | 9428960333 | Asha Shah | 9712989018 |
| 9 | Anjar | 14-07-2002 | Danny Shah | 9825227740 | Paras Shah | 9898028204 |
| 10 | Kalanagari Vadodara | 16-07-1995 | Dinesh Nanavati | 9825711750 | Bharat Shah | 9824388990 |
| 11 | Gadhada | 16-07-2000 | Piyush Shah | 9428467765 | Mayank Gosaliya | 8156011443 |
| 12 | Palitana | 17-07-1999 | Nilesh Ajmera | 9898206160 | Prashant Maniyar | 9328220147 |
| 13 | Ranpur | 17-07-1999 | Rajesh Shah | 9427338015 | Prakash Sheth | 9426030209 |
| 14 | Viramgam | 22-07-1995 | Aswin Shah | 9825083750 | Pinal Gandhi | 9879532747 |
| 15 | Ladies Wing Kalanagari Vadodara | 24-07-2011 | Jyotsna Shah | 9033007633 | Vina Shah | 9824661877 |
| 16 | Vile Parle | 26-07-1975 | Dinesh Dholakia | 9820316559 | Kirti Sanghavi | 9323231357 |

## JJC CENTRAL BOARD



**Name** : **Uday D. Sanghvi**

**Date of Birth** : 21-07-1969

**Mobile No.** : 9820013861

**Email ID** : udaysanghvi@gmail.com

## JJC CENTRAL BOARD



**Name** : **Vijay H. Mehta**

**Date of Birth** : 23-07-1957

**Mobile No.** : 9826897956

**Email ID** : mehtavijaybhai1@gmail.com

## JJC CENTRAL BOARD



**Name** : **Sunil P. Shah**

**Date of Birth** : 03-07-1961

**Mobile No.** : 9820278883

**Email ID** : opticalpalaceghatkopar@gmail.com

## JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST



**Name** : **Amit D. Kothari**

**Marriage Date** : 06-07-1991

**Mobile No.** : 9004880001

**Email ID** : amit@adkothari.com

# જેજેસી-સેન્ટ્રલ બોર્ડ
# જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ
# ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## આયોજીત

# ૨૫મો સમુહલગ્નોત્સવ

**માગશર વદ ૪, રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૧૯**

**મુંબઈમાં** નક્કી કરવામાં આવેલ છે.

વહેલા તે પહેલાના ધોરણે **૨૧ યુગલો**ને લેવામાં આવશે.

**સમુહ લગ્ન માટે જેજેસી ઑફિસમાં સંપર્ક કરવા નમ્ર વિનંતી.**

૨૦૧, માથારુ આર્કેડ, સુભાષ રોડ, વિલે પાર્લે (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૫૭.

ટે. નં. ૦૨૨-૬૬૯૫૬૬૯૯ ટેલિફૅક્સ: ૦૨૨-૬૬૯૭૩૦૩૮

Email: admin@jainjagruti.com • Website: www.jainjagruti.com

## જૈન જાગૃતિ સેન્ટર ગોંડલ - પાઠ્યપુસ્તક વિતરણ



વર્તમાન સમયમાં મોંઘા બનેલ પાઠ્યપુસ્તક વિદ્યાર્થીઓને વ્યાજબી ભાવે મળી રહે તે હેતુથી જૈન જાગૃતિ સેન્ટર દ્વારા પાઠ્યપુસ્તક વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. ગોંડલ તેમજ આજુબાજુના ગામડાના પરિવારજનોએ લાભ લીધો હતો. આ કાર્યને સફળ બનાવવા પ્રકાશભાઈ પંચમીયા, સુધીરભાઈ મહેતા, દીપકભાઈ ટીલીયા, સચીનભાઈ કોઠારી, દીપકભાઈ દેસાઈ, ધર્મેશભાઈ ધુલીયા, હર્ષિદ કોરડીયા, નીરજભાઈ સંઘવી, જીનેશભાઈ ટીલીયા, દીલીપભાઈ કોઠારી સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

## જેજેસી જુહુ - ડે ઍન્ડ નાઈટ ક્રિકેટ મૅચ

જેજેસી જુહુ દ્વારા શનિવાર તા. ૨૫.૫.૨૦૧૯ના રોજ ડે ઍન્ડ નાઈટ ક્રિકેટ મૅચનું આયોજન જેવ્હીપીડી ગ્રાઉન્ડમા કરવામાં આવેલ હતું. તેમાં ૧૭ ટીમે ભાગ લીધેલ હતો. તેમાં ૧૧ ટીમ ભાઈઓની હતી અને ૬ ટીમ બહેનોની હતી. પણ તેમાં ખાસિયત એ હતી કે બહેનો ડે ઍન્ડ નાઈટ ક્રિકેટ મૅચ રમે તે એક આકર્ષણ હતું.



**WINNER TEAM**




**WINNER TEAM**


## BIO DATA

Mumbai based Dashashrimali Sthankvasi Jain family invites proposal for their daughter, 24 th October 1978 Born, 5’6” tall Medical Doctor by Profession (M. B. B. S) M.B.A In USA. Working as a Medical Officer and having her own Practice in Santacruz west, Mumbai. She had a Short marriage (2 Months) in the past and Now legally divorced. Alliance Invited From Non Married / Legally Divorced / Candidates (No Children) Interested candidate Please send your details (Biodata with recent Picture) to the following

**Email id: matrimint@gmail.com**

**9869214866**

Advt

# धर्म में श्रद्धा टिकानेवाला, ''उपशम भाव'' महापुरुषो की वाणी से

■ अनोखीलाल धोका (जैन) जेजेसी-अंकलेश्वर

देव गुरु धर्म का शरण नहीं स्वीकार किया तो, जीव निगोद से आया और निगोद में वापस चला जायेगा। मनुष्य भव के लिये महान पुण्य का उदय चाहिये, हमें चार अंग मिलना दुर्लभ है, जगत के जीवों को मनुष्य भव, धर्म श्रवण, धर्म के प्रति श्रद्धा, दुर्लभ है, और श्रद्धा को टिकानेवाला उपसम भाव दुर्लभ है, मुख से व्यक्त करना अलग बात है और हृदय से स्वीकार करना अलग बात है। हमे जिन वचन पर कितनी श्रद्धा? जिन वाणी पर श्रद्धा टिकानेवाला उपशम भाव अति दुर्लभ है।

आज की परिस्थिति कैसी है! मै जब से धर्म स्थानक जाकर धर्म श्रवण कर रहा हूँ तब से मेरे जीवन में तकलीफों की, कतार लग गयी। किन्तु हमे ऐसा सोचना है, मुझे हैरान करनेवाले मेरे कर्म है, उसमे अभी की धर्म आराधना, का क्या दोष? दुःख आने पर, धर्मरुपी पहाड टूट जाता है। हमने बात को उल्टी पकड ली है, धर्म कभी किसी व्यक्ति को, दुःख नहीं पहुँचाता है। अपितु आनेवाले दुःखो में धर्म हमे हिम्मत बंधाता है, और दुःख को सहन करने की शक्ति प्रदान करता है।

भगवान महावीर स्वामी जब गृहस्थाश्रम में थे, तब वे कभी दुःखी नहीं हुये, किन्तु दीक्षा लेने के तुरन्त बाद उपसर्ग की कतार लग गयी, एक के बाद एक दुःख आते चले गये, और यह क्रम जीवन के अन्त तक चला। वे सोचते थे, धर्म मेरा कुछ भी नहीं बिगाड रहा है, वह मुझे भवोभव के अशुभ कर्मो के, उदय को सहन करने की, शक्ति प्रदान कर रहा है। ऐसा वे उपसर्गो के आने पर, उपसम भाव से सोचते थे। उपळम भाव कैसा हो? जो हमें धर्म श्रद्धा में स्थिरता दिला सके।

बीमारी में हम डॉक्टर पर विश्वास करते है, यातायात में हम ड्राईवर पर भरोसा करते है। हर जगह हम, भरोसे और विश्वास से आगे बढते है, जीवन में आने वाली, हर छोटी-छोटी घटनाओं पर, हम किसी न किसी वस्तु या व्यक्ति पर भरोसा करते है। दूध में दही की बुन्दे डालकर, हम निश्चिन्त हो जाते है, हमे उन दही के बुन्दो पर सम्पूर्ण विश्वास है, भरोसा है, कि दूध दही बन जायेगा। ऐसा भरोसा एवं विश्वास हमें धर्म में रखना होगा, धर्म में श्रद्धा डिगाना नहीं है, किन्तु हम हमारे विचारों की तरफ द्रष्टि करे, पानी ढूलता है तो, हम हाय-हाय करते है, और घी ढूलता है तो, हम होय-होय करते है। यहाँ हमें जिनवाणी पर श्रद्धा रखते हुये, उपसम भाव से देखना होगा, कि पानी में असंख्यात जीव है। जब की घी निर्जीव है, भगवान ने बताया है की, एक बून्द पानी से लगाकर, एक लोटे पानी में, या समुद्र भरे पानी में, असंख्यात जीव है।

हमें अपने जीवन को मर्यादामय बनाना है, उपसम भव में आकर, अपने जीवन में धर्मरुपी, लक्ष्मण रेखा खींचना है, और उसमे रहकर हमें खुश रहना है, भगवान ने बताया ''उपयोगी धर्म''। धर्म सुक्ष्म है, सचोट है, बस उसे पहचानने के लिये, हमारी बुद्धि तीक्ष्ण होनी चाहिये। जैसे हम जानते है, संगीत हमारे हृदय को, शान्ति देने वाला है, उसे सुनते-सुनते हमें निन्द्रा आ जाती है, पुराने जमाने में संगीत से कई रोग मिट जाते थे, तो वर्षा को बुलाने के लिये, अग्नि को बुलाने के लिये, संगीत का उपयोग किया जाता है, हमें ऐसी बाहरी बातो पर श्रद्धा है, किन्तु धर्म में श्रद्धा नहीं, यहाँ हमे उपशम भाव से श्रद्धा लाना है। इस श्रद्धा को टिकाने वाला, उपसम भाव भी दुर्लभ है, लेकिन हमें दुर्लभ को शुलभ बनाना है, तभी हम धर्म पर श्रद्धा टिका पायेंगे।

अर्जुन माली ने उपशम भावों को टिकाया, शास्त्र के

पन्नों पर, उनका नाम अंकित हो गया, ११४१ जीवों की हिंसा करनेवाले व्यक्ति को, कौन सी गति मिलेगी? अर्जुन माली जिसने धर्म पर श्रद्धा रखी उपसम भाव में आये। उन्होने आयुष्य का बन्ध नहीं किया था, एक प्रवचन सुनकर दीक्षित हो गये, जिनवाणी पर अटूट श्रद्धा, अपने पर पत्थर मारने वालों पर, उपशम भाव, ये मेरे मित्र है, शत्रु नहीं, छः मास में ही धर्म आराधना कर, मोक्ष में सिधारे। बस उनके पास एक अमोघ हथियार था, जिनेश्वर देव की वाणी पर श्रद्धा, और उस श्रद्धा को लाने वाला उपसम बाव, ने कार्य कर दिखाया और अर्जुन माली को, मोक्ष लक्ष्मी प्राप्ति हुई। यहाँ अर्जुन माली को जिन वाणी पर श्रद्धा हुई, उपशम भाव से उनकी श्रद्धा टिकी रही, और उपसम भाव ने अर्जुन माली की आत्मा को, समकिति बना दिया। अगर हृदय में समकित आया, तो इसे कैसे पहचानना? उसके लक्षण क्या? भगवान ने समकित के पाँच लक्षण बताये है। संम, संवेग, निर्वेग, अनुकम्पा, और आस्था।

**(१) संमः-** सम भाव लाना, सभी जीवो पर सम भाव, अपना नुकशान करनेवाले, अपने शत्रु पर भी सम भाव लाना।

**(२) संवेगः-** पुण्य का उदय नश्वर है, वह समाप्त होने वाला ही है, किन्तु पुण्य के उदय का प्रयोग, मोक्ष मार्ग में वेग को बडाने के लिये, गति को बडाने के लिये, किया उसे संवेग कहते है।

**(३) निर्वेगः-** संसार को असार समझने के बाद, जो संसार से उदासिन रहे, उसे निर्वेग कहते है।

**(४) अनुकम्पाः-** प्राणी मात्र पर अनुकम्पा भाव लाना, उन पर दया करना। दुःखी जीवों पर दया करना। और धर्म से विमुख व्यक्ति को, धर्म में सुद्रड करना, उस पर अनुकम्पा भाव लाना।

**(५) आस्थाः-** भगवान की वाणी पर श्रद्धा करना।

इन पाँचो लक्षणों को देखकर हम तय कर सकते है, कि हमें अभी समकित की प्राप्ति हुई, या नहीं, जीवन में हमें उपशम भाव लाकर, समकित की प्राप्ति करना है, और समकित की प्राप्ति होने के साथ, हमें ऐसी धर्म करणी करनी है, जो भव पार करा दे। किन्तु ध्यान रहे, हमने समकित का उपयोग, धर्म के प्रति श्रद्धा टिकाने में नहीं किया, तो हमारे हाथ में आया हुआ समकित, वापस चला जायेगा, समकित को टिकाये रखने में, हमें उपशम भाव लाना होगा, और धर्म के प्रति श्रद्धा को बढाना होगा, तभी हमारा कार्य सिद्ध हो सकता है।

गर्मी के दिनों में एक व्यक्ति, राजस्थान की रण भूमि में, भटक गया, उसे रास्ता नहीं मिल रहा था, गर्मी के दिन थे, उसे रण में भटकते-भटकते प्यास लगी। अब उसे पानी चाहिये, रण में पानी कहाँ! हम अगर रण में भटक गये तो, क्या करना! हमें अपनी आत्मा से पूछना है, तुझे पानी चाहिये या वाणी? किन्तु उस समय वह व्यक्ति सोचता है, काश! मुझे मदद करनेवाला कोई व्यक्ति मिल जाय! संयोग से वहाँ देव प्रकट होता है, कहने लगा - आप गर्मी के दिनों में, रण में भटक गये हो।

मै आपके दुःख को देख नहीं सकता हूँ, मैं अभी रेती के सारे कण, सोने के बना देता हूँ, और रण की पूरी रेत सोने की हो गयी - क्या वह उस समय ऐसा सोचेगा! की मै भाग्यशाली हूँ, पुण्यशाली हूँ। मुझे चारों तरफ सोने के ढेर ही ढेर दीख रहे है, बन्धुओं उसे पानी मिला तो पुण्यशाली, सोने की रेत से, उसका कुछ होनेवाला नहीं है, रण की सारी सोने की रेत, देकर उसे एक गिलास पानी मिले, वह अति महत्व का है।

बन्धुओं यह संसार भी रण के समान है। हम इसमें भूले पडे है, हमें सोने की तलफ लगी है, देव भी इस संसार सागर में, राग के समान है, जो हमें भव पार नहीं करा सकते है, हमें राग को छोडना होगा, इस भवसागर में हमें जिनवाणी रुपी पानी मिले तो ही, हमारी आत्मा तृप्त होगी। हमें धर्म मिले, जिन शासन मिले, भगवान की वाणी मिले, तो ही हम पुण्यशाली माने जायेंगे। अर्जुन माली गजसुकमाल मुनि, आदि लोगों ने धर्म पर अटूट श्रद्धा रखी, सुदर्शन सेठ ने उपशम भाव में आकर, धर्म के प्रति अटूट श्रद्धा लाकर, अर्जुन माली के शरीर में रहे हुये, यक्ष को बाहर निकाला। बस हमें उपशम भाव से धर्म के प्रति श्रद्धा रखकर कल्याण के मार्ग को प्रशस्त करना है।

# જૈન જાગૃતિ સેન્ટર - મોરબી




જૈન જાગૃતિ સેન્ટર મોરબી દ્વારા છાસ વિતરણનું આયોજન કરવામાં આવેલ હતું તથા સમસ્ત જૈન સમાજના વિદ્યાર્થીઓ માટે ફુલસ્કેપ નોટબુક તથા પાઠ્યપુસ્તકો વાજબી ભાવે મળી રહે તે હેતુથી જૈન જાગૃતિ સેન્ટર મોરબી દ્વારા વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું.

---

## MEMBERS AS PER THE AMENDED MCS ACT 1961 IN CO-OPERATIVE HOUSING SOCIETY

**GIRISH GALA (B.COM. LL.M.)**

**LEGAL ADVISOR**

**Email: girishbgala@gmail.com, Mob.: 9969540924**

The society can classify existing or new member in one of following category.

''Member'' means a person joining in an application for the registration of a housing society which is subsequently registered, or a person duly admitted to Membership of a Society after its registration and includes associate or joint or provisional Member;

(a) **"Associate Member"** means husband, wife, father, mother, brother, sister, son, daughter, son in law, daughter in law, nephew, niece a person duly admitted to Membership of a housing society on written recommendation of a Member to exercise his rights and duties with his written prior consent and whose name does not stand in the share certificate;

(b) **"Joint Member"** means a person joining in an application for the registration of a housing society jointly, which is subsequently registered or a person who is duly admitted to Membership after its registration and who holds share, right, title and interest in the flat jointly but whose name does not stand first in the share certificate;

(C) **"Provisional Member"** means a person who is duly admitted as a Member of a society temporarily after death of a Member on the basis of nomination till the admission of legal heir or heirs as the Member of the society in place of deceased Member;

# જેજેસી મલાડ – ક્રિકેટ મૅચ



સિનીયર સીટીઝન
બેસ્ટ બેટસમેન ઉદય શાહ



બેસ્ટ પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ આદિત વોરા



વન્ડરફુલ વુમન્સ ટીમ

જેજેસી મલાડ દ્વારા તા. ૨૬.૫.૨૦૧૯ના રોજ ક્રિકેટ મૅચનું આયોજન કરવામાં આવેલ હતું. આ ટુર્નામેન્ટનો આકર્ષણ એ હતો કે ૭ વર્ષના બાળકથી લઈને ૭૯ વર્ષના સભ્યોએ હોંશેહોંશે ક્રિકેટ મૅચમાં ભાગ લીધો હતો. તેમાં એકજ કુટુંબની ત્રણ પેઢી એક સાથે આ ટુર્નામેન્ટમાં ક્રિકેટ મૅચ રમતી જોવા મળી હતી અને બીજુ ખાસ મહિલા ટિમનો જુસ્સો એવો જોરદાર હતો કે એમને રમતા જોઈને વીમેન્સ વર્લ્ડકપની યાદ આવી ગઈ.

# જેજેસી રજવાડી – બૉક્સ ક્રિકેટ મૅચ



WINNER TEAM



RUNNER TEAM

જેજેસી રજવાડી દ્વારા તા. ૧૭.૨.૨૦૧૯ના રોજ બૉક્સ ક્રિકેટ મૅચનું આયોજન કરવામાં આવેલ હતું. તેમાં ૧૬ ટીમોએ ભાગ લીધો હતો, પણ ખાસિયત એ હતી કે આ ૧૬ ટીમમાં ભાઈઓ અને બહેનોની મિક્સ ટીમ હતી.

# ચરમ તીર્થંકર મહાવીર પ્રભુના શાસનમાં ચતુર્વિધ સંઘ-તીર્થની સ્થાપના ક્યારે અને કેવી રીતે થઈ?

આજથી આશરે ૨૫૪૫ વર્ષ પહેલા જૂંભક ગામની બહાર, ઋજુવાલિકા નદીના તટ પર, શામક નામના ગાથાપતિના ક્ષેત્રમાં વૈશાખ સુદ-૧૦ના, હસ્તોતરા નક્ષત્રમાં દિવસના ચોથા પ્રહરે પ્રભુ મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

તે સમયે પરંપરા મુજબ ઈન્દ્ર મહારાજાનું આસન કંપાયમાન થતા, અવધિ જ્ઞાનથી તેમણે જાણ્યું કે ભરતક્ષેત્રમાં ૨૪માં તીર્થંકર ભ. મહાવીરને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. તેથી તેઓએ દેવોને સમવસરણની રચના કરવાનો આદેશ આપ્યો. ૨૧ ધનુષ ઊંચા ચૈત્યવૃક્ષ નીચે સિંહાસનારૂઢ થયેલા પ્રભુએ સમવસરણમાં પ્રથમ દેશના આપી પરંતુ રાત્રીનો સમય હોવાથી ફક્ત દેવલોકના દેવો જ દેશનામાં આવ્યા હતા. મનુષ્યો અને તિર્યંચ આવ્યા ન હતા. દેશનાના અંતે દેશવિરતી કે સર્વવિરતી રૂપે ચારિત્ર ગ્રહણ કરનાર હોઈ ન હતું. (દેવો ચારિત્ર ગ્રહણ કરી શકતા નથી) તેથી પ્રભુની પ્રથમ દેશના નિષ્ફળ ગઈ અને તીર્થની સ્થાપના થઈ શકી નહી. (કોઈ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા ન બની શક્યા) જે આ અવસર્પિણી કાળનું એક અચ્છેરુ ગણાય છે.

બીજા દિવસે વૈશાખ સુદ-૧૧ના અપાપાપુરી નગરીના મહાસેન નામના ઉધ્યાનમાં દેવોએ સમોસરણની રચના કરી અને પ્રભુએ દેશના આપી. તે દિવસે ૧૧ વિદ્વાન બ્રાહ્મણો (ઈન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, વાયુભૂતિ. વ્યક્તજી, સુધર્મા, મંડિતપુત્ર, મૌર્યપુત્ર, અકંપિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ) પ્રભુ પાસે આવ્યા અને તેઓની શંકાનું સમાધાન વગર પુછ્યે ભ. મહાવીરે કરતાં તેઓ પ્રભુના મૂળ શિષ્યો બન્યા, ચંદનાજી આદિ કન્યાઓ દીક્ષિત થઈ સાધ્વી બન્યા અને પ્રભુએ અનેક નર-નારીઓને શ્રાવકપણામાં (શ્રાવકના ૧૨ વ્રત અંગીકાર કરાવ્યા) સ્થાપિત કર્યાં આમ તે દિવસે ચતુર્વિધ સંઘ-તીર્થ સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની સ્થાપના થઈ. ૧૧ બ્રાહ્મણોને પ્રભુએ ગણધર પદે સ્થાપ્યા. તેઓએ ત્રિપદીના આધારે ૧૨ અંગની રચના કરી. આ પ્રમાણે વૈશાખ સુદ ૧૧થી ૨૪માં તીર્થંકર ભ.મહાવીરનું શાસન શરૂ થયુ અને તેથી આ દિવસને આપણે સહુ શાસન સ્થાપના દિન તરીકે ઉજવીએ છીએ.

પ્રભુ વીરનું આ શાસન ૨૧,૦૦૦ વર્ષ સુધી એટલે કે આ પાંચમા આરાના છેડા સુધી વિધ્યમાન રહેશે. પાંચમાં આરાના અંતે બધુ જ્ઞાન વિચ્છેદ જશે ફક્ત દશવૈકાલિક સૂત્રના પહેલાં ચાર અધ્યયન રહેશે તેના આધારે ચાર જીવો સંથારો કરીને એકાવતારી થશે તે ૧) દુપસહ નામે આચાર્ય ૨) ફાલ્ગુની સાધ્વી ૩) જિનદાસ શ્રાવક ૪) નાગેશ્રી શ્રાવિકા ત્યાર પછી તીર્થની સમાપ્તિ થશે અને બીજા દિવસથી છઠ્ઠો આરો શરૂ થશે. આમ ૬૩,૦૦૦ વર્ષ સુધી તીર્થનો વિરહ થશે અને ત્યાર પછી ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં શ્રેણિક મહારાજાનો જીવ પહેલા તીર્થંકર મહાપદ્મ સ્વામી થશે જે તીર્થની સ્થાપના કરશે. આપણે અત્યારે પાંચમાં આરામાં જન્મ્યા છીએ. જ્યાં મોક્ષ નથી પરંતુ પ્રભુના શાસનની બલિહારી છે કે આપણને એકાવતારી બનાવી શકે છે. તો ચાલો આપણે પણ સમ્યક્ પુરુષાર્થ ઉપાડીએ.

**બોધઃ** પ્રભુ મહાવીરનું જીવન આપણને બોધ આપે છે કે મળેલી નિષ્ફળતાને પચાવો, નિરાશ ન થતાં સમ્યક્ પુરુષાર્થ ચાલુ રાખો.

***સંકલનઃ સુરેશભાઈ સી. પંચમીઆ***

Get A Wide Range of Exclusive Wedding & Designer Sarees Collection!




Sukanya®
Exclusive Sarees

Moti Mahal, M G Road, Opp. Cama Lane, Ghatkopar (W), Mumbai - 400 086. Tel: 2512 8090 | 98200 00636



WE TURN YOUR EVENTS TO MOMENTS

- Car decoration
- Groom & Baraati Safa
- Bridal Doli / Palanquin
- Koli band for baraati
- Dhol & shenai
- Couple special entries
- Trousseau packing
- Lagna geet
- Dj / sangeet sandhya
- Mehendi, Nail art
- Wedding Photography & Cinematography
- Bridal Makeup & Hair styling
- Engagement ring platter
- & many more

:||अवसर||:®
ALL ABOUT MARRIAGE

Neelkanth Market, M G Road, Ghatkopar (E), Mumbai - 400 077.
Tel: 9821029055/9594049055 | avasar28@yahoo.com

Right Frame for
Right Occasion



OPTICAL PALACE

Neelkanth Shopping Center, CAMA LANE CORNER,
Ghatkopar (W), Mumbai - 400 086.
Tel: 2512 9516 | opticalpalaceghatkopar@gmail.com

Advt.

# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD CHARITABLE TRUST
# JAIN JAGRUTI CENTRE CENTRAL BOARD
## ANNOUNCES THE FORMATION OF

NETWORK → CONNECT → FIND YOUR MATCH

# JJC STUDENTS ASSOCIATION, USA
# 10th & 11th AUGUST, 2019

HYATT PLACE, TAMPA




REGISTER NOW : EDUCATION JAINJAGRUTI@GMAIL.COM

AIRPORT TRANSFERS, HOTEL STAY & MEALS WILL BE PROVIDED FREE OF COST TO PAST & PRESENT STUDENTS OF JJC ON REGISTRATION

10.08.2019
SATURDAY

12:00 PM TO 2:00 PM
CHECK IN AT HOTEL HY
PLACE, WESLEY CHAPEL
WELCOME, REGISTRATI
LUNCH

2:30 TO 4:30 PM
FIRST SESSION

4:30 TO 6:00 PM
FELLOWSHIP & HI TEA

6:00 TO 8:00 PM
SECOND SESSION

8:30 TO 9:30 PM
DINNER

9:30 PM ONWARDS
ENTERTAINMENT PROG

CALL TO REGISTER : JITENDRA KOTHARI 9821012321 SANJAY SHAH 9821050169




RAMESH MORABIA 9323925420 PRAFUL KAMDAR 9820038664

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટને પુલવામાના હુમલામાં શહીદોના પરિવારજનોને આર્થિક સહાયતા કરી

## શહીદોના દરેક પરિવારોને સાત-સાત લાખની રકમ અર્પણ કર્યા





જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ ચેરમેન શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી તથા સેક્રેટરી શ્રી અમીત કોઠારી ટ્રસ્ટીગણ શ્રી જયંતીભાઇ છાડવા, શ્રી રાજેશભાઇ ભણશાલી, શ્રી અનિલભાઇ દોશી તથા અન્ય મહાનુભવો શ્રી મહેન્દ્રભાઇ તુરખિયા, શ્રી હરેશભાઇ પારેખની નિ શ્રામાં જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડની ઓફિસમાં મહારાષ્ટ્ર રાજ્યા (બુલદાણા)ના બે શહીદ પરિવ્જારજનોને સાત-સાત લાખ રૂપિયા આર્થિક સહાયતા પરિવારજોને કરી હતી



જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીગણ શ્રી રાજેસભાઇ ભણશાલી તથા શ્રી ચંદ્રકાંતભાઇ શાહ શાહ, બિહાર રાજ્યના ૨ તથા ઝારખંડના ૧ રાજ્યના શહીદ પરિવ્જારજનોને સાત-સાત લાખ રૂપિયા આર્થિક સહાયતા પરિવારજોને કરી હતી

# એક પ્યાર કા નગમા હૈ...

■ **કિરણ શાહ** (Past Chairman)

જગતમાં પ્રેમ એ સર્વથી મહાન શક્તિ છે. દુઃખમાંથી પણ સુખ પેદા કરવાની શક્તિ પ્રેમના જેટલી બીજા કશામાં નથી. દયા, માયા, માણસાઈ, દુનિયામાં જે કાંઈ સદ્‌ગુણો દેખાય છે, તે સઘળું પ્રેમમાંથી પેદા થાય છે. જીવન પ્રેમ કરવા માટે છે, નફરત કરવા માટે નથી, કારણકે નફરતમાં આક્રોશ હોય છે જ્યારે પ્રેમ મદહોશ હોય છે. સુખી થવાના બે રસ્તા છે – Free your Heart from Hatred - તમારા હૃદયને નફરતથી મુક્ત કરો, જે આપણે ઘણી વાર નથી કરી શકતા. એક કવિ કહે છે,

**નફરત કરવાવાળા પણ ગજબનો પ્રેમ કરે છે મને,**
**જ્યારે પણ મળે ત્યારે કહે છે, છોડીશ નહીં તને!!**

ધિક્કાર પેદા કરી શકે તેટલા પ્રમાણમાં ધર્મો આપણે રચ્યા છે, પણ પરસ્પર પ્રેમ વ્યક્ત કરી શકે એટલા પ્રમાણમાં એ પૂરતા નથી. હું ખરેખર એમ માનું છું કે હવે સમય આવી ગયો છે કે જે માણસ પ્રેમાળ હોય તેને ધાર્મિક ગણવાનો રિવાજ આપણે ચાલુ કરવો જોઈએ. સત્તાના પ્રેમને બદલે પ્રેમની સત્તા જો ફેલાય તો આ દુનિયા ઘણી બહેતર થઈ જાય.

જીવનમાં આપણને પૂરતા પ્રમાણમાં નથી મળતો એ પ્રેમ છે અને આપણે પૂરતા પ્રમાણમાં નથી આપતા તે પણ પ્રેમ છે. જીવનમાં સત્ય અને પ્રેમ હશે તો કરુણા આપોઆપ આવશે. પ્રેમ કરતાં આવડ્યું એટલે જિંદગી જીવતાં આવડ્યું. માનવલાગણીમાં સૌથી બળવાન કોઈ હોય તો તે પ્રેમની લાગણી છે, કારણકે તે મસ્તક, હૈયું અને ઈન્દ્રિયો ત્રણે પર એકસાથે હુમલો કરે છે. Life અને Love ભલે ચતુરાલક્ષી શબ્દો હોય, પણ જીવનના અલ્ફાબેટમાં તે નીચોવી નાખનારા શબ્દો છે.

ઘણા એમ કહે છે કે પ્રેમ એ વ્યક્ત કરવાની ચીજ નથી. પ્રેમ આંસુ છે, પ્રેમ સ્મિત છે, પ્રેમ મૌન છે, પ્રેમ ઓછું બોલે છે, પ્રેમની ભાષા ઘણી વાર એક દૃષ્ટિ દ્વારા, એક સ્પર્શ દ્વારા, એક નિસાસા દ્વારા અને જૂજ વખતે જ શબ્દો દ્વારા પ્રગટ થાય છે.

**''એ જ સાચવવું પડે છે પ્યારના વહેવારમાં**
**કશું વહેવાર જેવું રહી ન જાય પ્યારમાં.''**

પ્રેમને કારણ સાથે કોઈ સંબંધ નથી – કોઈ લેવાદેવા નથી, કારણ હોય ત્યાં પ્રેમ ન હોય. હેતુ હોય ત્યાં હેત ન હોય. પ્રેમની ગેરહાજરી હોય ત્યાં જ ખુલાસા કરવા પડે, ત્યાં જ માફી માગવી પડે. આદર્શ પ્રેમ ક્યારેય દેખાડો નથી કરતો, જેમ કે આદર્શ નિષ્ઠા ક્યારેય સોગંદ ખાઈને ખાતરી નથી આપતી તેમ. આદર્શ પ્રેમમાં તેવી જરૂર પણ નથી હોતી.

પ્રેમ કરવો એટલે આપણા સાથીની ઝીણીઝીણી લાગણીનું જતન કરવું. પ્રેમ કરવો એટલે એકબીજા સાથે વૃદ્ધ થવું. ઘણી વાર કહેવાય છે કે પ્રેમ આંધળો છે, એ બહેરો પણ હોઈ શકે અને મૂંગો પણ હોઈ શકે, તમને પારખતા આવડવું જોઈએ. પ્રેમની ભાષા કદાચ જુદી હોય, પણ હૃદયના ભાવ તો એક જ હોય.

દુનિયાને તેમના પોતાના નિયમો હોય છે અને પ્રેમને તેની પોતાની દુનિયા. આ બે વચ્ચે મેળ હોવો જોઈએ એ જરૂરી નથી, એવો નિયમ પણ નથી, કારણકે પ્રેમનું પ્લાનિંગ કે પ્રોગ્રામિંગ નથી હોતું. પ્રેમમાં માણસનું મન મહેકી શકે છે અને બહેકી પણ શકે છે.

જ્યારે જીવનની મસ્તીને મહોબ્બત કરવાની ટેવ પડે ત્યારે અડધા રોગો શરીરમાં પ્રવેશ કરવાની હિંમત કરતા નથી. કહેવાય છે કે પ્રેમ વો દવાઈ હૈ જો એક્સપાયરી ડેટ કે બાદ ભી કામ આ સકતી હૈ. પ્રેમ વિના આપવાનું શક્ય છે, પણ આપ્યા વિના પ્રેમ કરવાનું અશક્ય છે. પ્રેમ વિશ્વાસનું સર્જન કરે છે, વિશ્વાસ પ્રેમનું નહીં.

આ જગતમાં શ્રેષ્ઠની કક્ષામાં આવે એવી ઘણી વસ્તુઓ છે, પણ શુભની કક્ષામાં આવે એવી બહુ ઓછી વસ્તુઓ છે, પ્રેમ તેમાંનો એક છે. પ્રેમ એ અનોખી રમત છે. તેમાં કાં તો બન્ને જીતે છે યા એકે નહિ, અથવા તો એક એવી રમત છે જ્યાં બે જણા રમે છે અને બન્ને હારે છે (જો દિલ હારા વો સબ જીતા).

સાચો પ્રેમ હાથમાં હાથ જોડેલા રાખવામાં નથી, પણ હૃદયમાં હૃદય જોડેલા રાખવામાં છે. સાચા પ્રેમનો કદાચ સુખી અંત હોતો નથી, ખરેખર તો સાચા પ્રેમનો અંત જ હોતો નથી. પ્રેમ એ જીવનની ધડકનનો એહસાસ કરાવે છે. જ્યાં પ્રેમ હોય ત્યાં પવિત્રતા હોવાની જ.

બુદ્ધિનો પ્રેમ ચાલાકીનો હોય છે, જ્યારે હૃદયનો પ્રેમ ભાવથી ભિંજાયેલો હોય છે. જીવનમાં જ્યારે પણ અકળાવ ત્યારે તમારા હૃદયને અનુસરજો, બુદ્ધિને નહીં, કારણકે બુદ્ધિ છેતરાઈ શકે છે, પણ હૃદય ક્યારેય છેતરાતું નથી.

...અંતમાં રમેશ પારેખની એક પંક્તિ સાથે પ્રેમને લગતો આ લેખ અહીંયાં સમાપ્ત કરું છું.

''માણસથી મોટું તીર્થ નથી કોઈ પ્રેમનું
હું છું પ્રથમ મુકામ લે મારાથી શરૂ કર''.

સ્નેહાર્દ્ર નયને આ લેખ અર્પણ જે.જે.સી.ના ચાહકોને જાગૃતિના સંદેશના વાચકોને.

# વીલ કરવામાં ટૅક્સ પ્લાનિંગ

■ કિશોર એમ. શાહ (સૉલિસિટર)

જેની પાસે મોટી મૂડી હોય તે વીલ મારફત પણ ઘણું ટૅક્સ પ્લાનિંગ કરી શકે છે. વીલ કરવાનું એક મોટામાં મોટું કારણ એ છે કે વીલ કર્યું હોય તો તેની ઈચ્છા પ્રમાણે તે તેની મિલકતનું વિતરણ કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ વીલ કર્યા વગર ગુજરી જાય તો હિન્દુ લૉનાં શિડ્યુલ (I) પ્રમાણે તેમાં જે ૧૨ વ્યક્તિનાં નામ લખ્યાં છે તેને ફરજિયાત તેણે તેની મૂડીમાંથી સરખે ભાગે હિસ્સો આપવો પડે છે. દસમાંથી તો અમુક સગાંઓનાં એવાં નામ છે કે તેને વીલ કરનારની આપવાની ઈચ્છા ન હોય તો પણ તે સગાંઓનો તે મૂડી પર હક્ક-હિસ્સો થઈ જાય છે. એટલે આ બધી મુસીબતમાંથી બચવા માટે જો વીલ કર્યું હોય તો ગુજરી જનાર એનાં સંજોગો અને ઘરનાં માણસોનાં સંબંધો પ્રમાણે તેને તે વીલમાં ગિફ્ટ આપી શકે છે અને તેનાં ગુજરી ગયાં પછી કુટુંબમાં કોઈ જાતનો મતભેદ ન થાય તે રીતનું પ્લાનિંગ કરી શકે છે.

વીલ કરવાનો બીજો મોટામાં મોટો ફાયદો એ છે કે કોઈ પણ મુવેબલ કે ઈમમુવેબલ પ્રૉપર્ટી ટ્રાન્સફર થાય તેનાં પર કોઈ પણ જાતનો ગિફ્ટ ટૅક્સ નથી ભરવો પડતો, કારણ કે આખો ગિફ્ટ ટૅક્સ વીલને લાગુ પડતો જ નથી. ધારો કે એક કુટુંબમાં કુટુંબના વડીલે બીજા કોઈ નૉન-રિલેટિવ પાસેથી લોન લીધી હોય અને તે પાછી આપવાની તેનામાં સગવડ ન હોય અને તેનું ઘર ૫ કરોડ રૂપિયાનું હોય તો તે ડાયરેક્ટલી તે વ્યક્તિને વીલમાં તે ઘર આપી દે તો જેને તે ઘર આપ્યું હોય તેને કોઈ પણ જાતનો લૉન્ગ ટર્મ કે શૉર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સનો પ્રૉબ્લેમ નથી થતો. માર્કેટ વૅલ્યૂ પ્રમાણે ૫% સ્ટૅમ્પ ડ્યૂટી નથી ભરવી પડતી. સોસાયટીનાં ટ્રાન્સફર ચાર્જીસ નથી ભરવાં પડતાં કે રજિસ્ટ્રેશન ફી નથી ભરવી પડતી.

એક વીલમાં એક ડિસ્કિશનરી ટ્રસ્ટ થઈ શકે છે? અને આ ડિસ્કિશનરી ટ્રસ્ટ કરવામાં ઈન્કમ ટૅક્સમાં ઘણાં ફાયદા છે.

વીલ પર કોઈ જાતની સ્ટૅમ્પ ડ્યૂટી ભરવી પડે છે?

વીલ કરવાનો એક મોટામાં મોટો બીજો કાયદો એ છે **Indian Stamp Act 1899**નાં સેક્શન ૩નાં શિડ્યુલ ૧ પ્રમાણે વીલ કરવામાં કોઈ પણ જાતની **Stamp Duty** ભરવી પડતી નથી અને ઈન્ડિયન રજિસ્ટ્રેશન **Act 1908** નાં સેક્શન ૧૮(e) પ્રમાણે તેનું રજિસ્ટ્રેશન કરાવવું પણ ફરજિયાત નથી.

માઈનોર વ્યક્તિ શું વીલ કરી શકે?

ઈન્ડિયન કૉન્ટ્રાક્ટ ઍક્ટનાં સેક્શન (II) પ્રમાણે ફક્ત જે માણસ કૉન્ટ્રાક્ટ કરવાને લાયક હોય તે જ વીલ કરી શકે છે અને કોન્ટ્રાક્ટ કરવાની લાયકાત માટે એની ઉંમર મેજોરિટીની હોવી જોઈએ ઉંમરની મેજોરિટી કેટલી હોય તે ઈન્ડિયન મેજોરિટી ઍક્ટનાં સેક્શન ૩માં જણાવાયું છે. ઈન્ડિયન મેજોરિટી ઍક્ટ પ્રમાણે કોઈપણ છોકરો હોય તે ૧૮ વર્ષની ઉંમરે મેજર થઈ જાય છે, જ્યારે છોકરી ૨૧ વર્ષની ઉંમરે મેજર થાય છે. આ મેજર થયા પછી જ તે વીલ કરી શકે છે.

ભારતીય નાગરિક લંડનનાં નાગરિકને સ્થાવર મિલકતની પ્રોપર્ટી ગિફ્ટ આપી શકે?

હા. ભારતનાં કોઈ પણ નાગરિક ભારતમાં મુવેબલ/ઈમમુવેબલ પ્રૉપર્ટી ગિફ્ટમાં આપી શકે છે, પરંતુ આને માટે થઈ તે ઈન્કમ ટેક્સનાં કાયદા રિઝર્વ બૅન્કની મંજૂરી અને **Fema**નાં કાયદાનું પાલન કરવું પડે છે.

# નિવૃત્તિ પહેલાં પરિવારને કેટલો સમય આપો છો

– દિલીપ ભટ્ટ

લોકો નિવૃત્ત થાય પછી એકાએક એમને ઘર વહાલું લાગે છે. નિવૃત્તિ પછી તેઓ ઘરમાં અનફિટ હોય છે,

કારણ કે જ્યાં તમે સમય ડિપોઝિટ ન કર્યો હોય ત્યાંથી તમને મળે શું?

સમયમાં ભૂલચૂક હોવી તે આધ્યાત્મિક અર્થમાં દુર્જનતાની નિશાની છે. કાયમ ઑફિસમાં કે પછીથી પોતાના કામમાં મોડા પડતા લોકો સ્વયં એ સ્થિતિની યાતના તો અનુભવતા જ હોય છે, પણ પોતાની જ ભૂલો પણ જોઈ શકતા હોવાને કારણે કોઈને વેદના વર્ણવી શકતા નથી. એની સામે જેઓ એડવાન્સ અથવા તો સમયસર હોય તેઓનો આનંદ, સ્વસ્થતા અને નિરાંતને આજુબાજુના સહુ જોઈ શકે છે.

મનુષ્યની જિંદગીમાં ઘડિયાળ એક બહુ મોટું પ્રકરણ છે જે સામાન્ય રીતે તો ક્યાંય અભ્યાસક્રમમાં ભણાવવામાં આવતું નથી. તમે જ્યારે જ્યાં હોવા જોઈએ ત્યાં જ હો અને જે કામમાં નિમગ્ન હો એ જ કામમાં હો તો એનો અર્થ એ છે કે આપની ઘડિયાળ સાથે આપ બરાબર વર્તન કરી રહ્યા છો. ઘડિયાળે પોતે તો કંઈ કરવાનું જ નથી, એ નાનકડી દેખાતી સમયની વિરાટ સંપત્તિ સાથે તમે કઈ રીતે વર્તો છો તે તમારું વર્તન જ તમારી ઘડિયાળ છે. બધાને કાંડે સરખો જ સમય દેખાતો હોવા છતાં સમય હોય છે સહુનો જુદો-જુદો, એનાં કારણોમાં ભેદનું રહસ્ય છુપાયેલું છે, કયો ભેદ? સમાન સમયમાં સહુની ઉપલબ્ધિ કે શૂન્યલબ્ધિ અસમાન હોય છે તે.

તમને એક ચોરસ કાપડનો ટુકડો આપવામાં આવે છે. એ એક કલાક છે. કેટલાક લોકો એમાં અજબ ભરતગૂંથણ કરે છે ને કેટલાક તો પાંચ પચીસ ટાંકા લઈને પાછું આપે છે. કોઈ એવા પણ છે કે એ ટુકડામાં કોઈ જ પ્રદાન કે કામ વિના પાછો આપે છે. જેઓ એમાં કંઈક એમ્બ્રોઈડરી જેવી ડિઝાઈન કરી આપે છે એનું મૂલ્ય વધી જાય છે અને ઓછું કામ કરેલા ટુકડાઓ રસ્તા બને છે. સાવ કોરા 'ને કોરા પાછા આવેલા ટુકડાઓ તરફ જોવાનો તો આ મોહક સંસારમાં કોને રસ હોય? જો આપણને મળતા દરરોજના ૨૪ ટુકડાઓમાંથી કોઈ એક સળંગ ડિઝાઈન ન નીપજે તો જિંદગી ધારણ કરવા જેવી રહેતી નથી. એક જિંદગીએ બીજી જિંદગી પાસેથી ડિઝાઈન્ડ ટુકડાઓ લેવા પડે છે. આમ તો સમયની સાપેક્ષતાના સહેલા લાગતા અને ખરેખર અઘરા સિદ્ધાંતમાં આ બધી વાત આવી જ જાય છે.

સમય પોતે રસશૂન્ય છે અને છતાં એ જ રસની ખાણ છે જો એની સાથે કામ પાડતા આવડે તો. બાહ્યાચાર એવો છે કે જેઓ સમયસર હોય છે તેઓ સમય સાથે કામ સારી રીતે પાડે છે પણ આ અધૂરું સત્ય છે. એ તો માત્ર સમયના સ્ટ્રક્ચરને અનુસરવાની શિસ્ત છે. આપણે જાણીએ જ છીએ કે બાહ્ય શિસ્ત માત્રથી બધા સંસ્કાર આપણામાં કેળવાઈ જતા નથી. સમયનું બાહ્ય સ્ટ્રક્ચર અનુસરવું એ પહેલી શરત હોવા છતાં એ સમયમાં પછી તમે શું કરો છો? એનો વિશેષ મહિમા એ વિશિષ પરિણામો છે.

સમય હંમેશાં કામ કરવા માટેનો નથી હોતો અને એવા સમયને બહુ જ ઓછા લોકો ઓળખે છે. સંતોષ નાયસ એને 'માય ટાઈમ' કહે છે. અમેરિકી નવલકથાકાર જેકી કોલિન્સ એને 'આઈ એમ વિથ નો વન કહે છે. નો વન એટલે ઘર સિવાયની બહારની દુનિયાના કોઈ સાથે હું નથી. ડિકન્સે એમ કહ્યું હતું કે જ્યાં તમે સૌથી વધુ માત્રામાં 'તમે' હો ત્યાં જ વધુ સમય રહો અને કદાચ એ તમારું ઘર પણ હોય! જેઓ ભ્રષ્ટ આચરણથી

લિપ્ત છે તેઓની સમસ્યા એક જ હોય છે કે તેઓ પોતાનામાં જ હોતા નથી.

સંસ્કૃત સુભાષિતકારે રાજસભાનું વર્ણન કરતા કહ્યું છે કે સહુ, સહુને ઓળખે છે કે તેઓ કેટલા જુઠ્ઠા અને દંભી છે, છતાં જુઓ સહુ એકબીજાને કેવો વ્યર્થ આદર આપે છે. ભ્રષ્ટ આચરણ વ્યક્તિને નાચરણ સુધી લઈ જાય છે, જ્યાં પૈસા મળે ત્યાં તેઓ નર્તન કરવા કે આળોટવા તૈયાર થઈ જતા હોય છે. આત્મગૌરવને દફનાવ્યા વિના કોઈ ભ્રષ્ટ ન બની શકે. હૃદય કે જે વારંવાર સત્ય ઉચ્ચારતું હોય એને ચૂપ-ચૂપ કહેવું પડે. ક્યારેક એ સત્યપ્રિય હૃદય વ્યક્તિની જાણ બહાર બીજા માર્ગે પણ બોલી જતું હોય છે. જેઓ પોતાના કે પોતાનાઓના નથી તેમને વળી સમય સાથે શી લેવા-દેવા? એમની ઘડિયાળ સાવ અલગ અને બહારની દુનિયા માટે બનેલી હોય છે.

આજકાલ દંપતીઓ પોતાના પુખ્ત સંતાનોની ફરિયાદ કરતા થાય છે. તેઓની ફરિયાદ સામાન્ય છે. તેઓ કહે છે કે, આ અમારા સંતાનો પાડોશમાં રહેતા લોકોને હલ્લો આન્ટી કેમ છો? અને ઓહો અંકલ કેમ મજામાં? એમ જે સૌજન્યથી વાત કરે છે, કમ સે કમ એટલી સારી રીતે તો અમારી સાથે વાત કરે! આ દંપતીઓએ એક આત્મખોજ કરી લેવાની હોય છે કે સંતાનોના શિશુકાળે તેઓએ તેમનામાં પોતાનો પૂરતો સમય ડિપોઝિટ કર્યો હતો કે નહીં! બધાં દેવતાઓમાં એક કાળ દેવતા પણ છે અને તે ન્યાયિક છે. નથી ક્રૂર કે નથી દયાળુ. આ કાળ દેવતા સમયના ત્રાજવે આપણને સતત તોલતા રહે છે. એના તોલ અને મોલ સંપૂર્ણ ગણિતિક છે.

એ કાળ દેવતાનું રમતિયાળ પ્રતિનિધિત્વ ઘડિયાળ કરે છે. જિંદગીમાં જેને લકઝરી કહેવાય એ 'બિફોર ટાઈમ' એટલે કે નિયત સમયથી વહેલા હોવામાં છે. ઓન ટાઈમ તો મધ્યમ વર્ગ છે અને મોડા પડવું એ તો સામયિકી પછાત વર્ગ છે. જો કે જેઓ ખરેખર લકઝરી ભોગવતા હોય તેઓ બિફોર ટાઈમ હોય છે. સમય ચૂકી જતો ઈન્સાન એની જિંદગીમાં ઘણું બધું ચૂકી જતો હોય છે એમ કહેવાની નહીં, સમજવાની જ જરૂર હોય છે.

લોકો નિવૃત્ત થાય પછી એકાએક એમને ઘર વહાલું લાગે છે. જો કે આખી જિંદગી મહેનત કરીને ઘરનો ભાર ઉપાડતા મોભીનો એ અધિકાર છે કે થોડો નિરાંતનો પણ અનુભવ લે, પરંતુ થોડાક જ દિવસોમાં તેમને ખ્યાલ આવી જાય છે કે તેઓ આ ઘરમાં એક અનફિટ વ્યક્તિ છે અથવા તો ઘરના સભ્યો એમને એવો પડઘો પાડી આપે છે જેને કારણે એક તબક્કે તો એમને ખબર પડે છે કે અરે, આટલી વહેલી ઉંમરે ઘરે આપણે ક્યાં બેસી ગયા. હજુ થોડા વરસ ઑફિસમાં પસાર કરવાની જરૂર હતી. ક્યારેક એમને છેવટે ખબર પણ પડે છે કે ઘરના જે મહત્વના નિર્ણયો જાતે લેવાના હતા અને ન લીધા તે અહીં તો મામા-માસી કે કાકા-કાકી લઈ રહ્યાં છે. ઘર એમનાથી એટલું બધું આગળ નીકળી ગયું હોય છે કે તેમણે કહેવાની બધી વાતો અપ્રસ્તુત બની જાય છે.

ત્યારે તેમને ખ્યાલ આવે છે કે નિવૃત્ત થયા પહેલાંની જીંદગીમાં નહીં આપેલો સમય તેઓ હવે આપવા ધારે છે, પણ એ સમય લેનારાઓ હવે ક્યાં નવરા પડે છે? મકાનને કલર કરવાવાળા આવી પહોંચે ત્યારે જ ખબર પડે કે હવે કલર કરાવવાનો છે. ઑફિસ રાજ ગયું ને ગૃહરાજ કંઈ સ્થપાયું નહીં. ખરી ત્રિશંકુની સ્થિતિ આ જ છે અને એનું એક જ કારણ હોય છે ઘડિયાળ. જુવાનીમાં મહેનત કરીને ઘર તરફની ઘડિયાળ રિપેર કરી લેતા નથી. એમના કાનમાં ઉંમર થતાં આખો દિવસ ડંકા પડવા લાગે છે. ઘડિયાળ સ્વયં પણ સમયસર રિપેર કરી લેવી જોઈએ.

રિમાર્ક-ઘર કોઈ એવી જગ્યા નથી જ્યાં ગૃહસ્થ અને ગૃહિણીને વિશ્રામ મળે જ. મળે તો મળે. ન મળે તો સાતભવેય ન મળે.

*- સાભાર સર્જનહારમાંથી*

# સમયની કદર કરતા શીખો

**ચંદ્રેશ પારેખ**

''સમયને પગ નથી પણ એ બહુ ઝડપથી ચાલે છે,''

''સમય કોઈની રાહ નથી જોતો,''

''જે સમયની કદર નથી કરતા, સમય એની કદર નથી કરતો''

આમાંથી કંઈક વાતો તો આપણે સાંભળી જ હશે, વાતમાં તથ્ય છે, હજુ ગઈકાલ સુધી આપણે એક વિદ્યાર્થી હતા અને આજે એક બિઝનેસમેન છીએ, ગઈકાલે આપણે લોકોને કામ પર જતા જોયા હતા અને આજે આપણે ખુદ કામ પર જઈએ છીએ, સમય પસાર થતા વાર નથી લાગતી માટે જ કહેવાય છે કે જિંદગી ના મિલેગી દોબારા.

યુરોપનો વિજેતા નેપોલિયન સમયની કિંમત સુપેરે સમજતો હતો અને તે યુદ્ધ જીતવામાં અનુકૂળ સમયને ધ્યાનમાં રાખી સંગ્રામ ખેલતો અને તેને વિજય જ હાંસલ થતો. અંતિમ યુદ્ધ વેળા તે યોગ્ય સમય ચૂકી ગયો અને વોટરલૂના મેદાનમાં તેણે એ સેનાપતિ ગ્રાઉચીએ થોડી મિનિટનું મોડું કર્યું એ પરિણામે બાજી પલટાઈ ગઈ. વિજેતા બનવાને બદલે તે પરાજિત બની ગયો.

આપણી જિંદગીનો આધાર આપણને મળેલા સમય પર છે. તો પછી એનો આપણે સદુપયોગ કરીએ છીએ કે દુરુપયોગ? દાખલા તરીકે જો તમને એમ પૂછવામાં આવે કે તમે જે કંઈપણ કામ કરો છો, નોકરી કરો છો કે જે પણ ફિલ્ડમાં છો ''શું ત્યાં તમે ખુશ છો?!!'' શું તમને એવી જ જોબ મળી છે કે જેની તમે ઈચ્છા રાખી હતી?!!'' જો તમારો જવાબ માં ''હા''માં છે તો સાચે જ તમે નસીબદાર છો અને તમે ધન્યવાદને પાત્ર છો. તમે એ જ પ્રવૃત્તિ કરો છો જે તમને મજા આવે છે તો સાચે જ તમે તેમાં ખુશ પણ હશો. પણ જો જવાબ ''ના'' છે તો?!! જો તમે એવા કોઈ ક્ષેત્રમાં છો જેમાં તમે સફળ તો છો પણ ખુશ નથી, તમે કામ તો કરો છો પણ તમને કામ કરવાની મજા નથી આવતી, જેવું થ્રિલ અનુભવવું જોઈએ એવી ફિલ નથી તો તમારે એ સ્વીકારવું પડશે કે તમે રોંગ ટ્રેક પર દોડી રહ્યા છો.

કોઈએ સાચું કહ્યું છે ''ગમતા કામમાં નિષ્ફળ થવું એ અણગમતા કામમા સફળ થવા કરતા લાખ ગણું સારું છે.'' બની શકે કે તમને એ કામ કરવાની તક ના મળી હોય, પોસીબલ છે કે તમને જે કામ મળ્યું એને જ તમે કોમ્પ્રોમાઈઝ સાથે આપનાવી લીધું, પણ તેથી શું!! થોડા વર્ષો પછી જ્યારે પાછળ વળીને જોશો ત્યારે સમજાશે કે કોઈ અવસર આપની રાહ નથી જોતો એને તો શોધવો પડે છે, તકને ઉભી કરવી પડે છે.

સમય એ દુનિયાની કોઈપણ કિંમતી વસ્તુ કરતા પણ વધારે કિંમતી છે. કારણ કે દુનિયાની કોઈપણ કિંમતી વસ્તુ સમયના યોગ્ય ઉપયોગ દ્વારા મેળવી શકાય છે. કોઈકે સાચું જ કહ્યું છે કે જે લોકો સમયની કિંમત નથી કરતા, સમય પણ એમની કિંમત નથી કરતો. કારણ કે સમય એ આપણને સફળતાની એક નવી ઊંચાઈએ લઈ પણ જાય છે અને ત્યાંથી નીચે પણ ફેંકી શકે છે.

સમય એ સફળતાની ચાવી છે. સમયનું ચક્ર એ એની ગતિમાં ચાલે જ જાય છે અથવા એમ કહી શકાય કે ભાગી રહ્યું છે. ઘણી વખત આપણને ક્યાયને ક્યાય કોઈના દ્વારા એવું સાંભળવા મળે છે કે સમય જ નથી મળતો. પણ વાસ્તવિક્તા એ છે કે આપણે સમયની સાથે પગ માંડીને ચાલી જ શકતા નથી અને પછડાઈ જઈએ છીએ. સમય એ ખૂબ જ મૂલ્યવાન સંપત્તિનો ભંડાર છે પણ છતાંય આપણે સમય નથી એવું કહીને રડ્યા કરીએ છીએ અને આપણે આવા અમૂલ્ય સમયનો વિચાર્યા વગર જ વ્યર્થ ઉપયોગ કરી નાખીએ છીએ.

સમય વીતી ગયા પછી આપની પાસે પસ્તાવા સિવાય

બીજું કશું જ નથી રહેતું માટે વર્તમાન પરિસ્થિતિની સાથે સાથે તમને ગમતા કામ માટે સમય આપો, તમને જે કામમાં મજા આવે છે એવા કામમાં આગળ વધો, જિંદગી ઘણી બધી તકો લઈને આવે છે બસ એને શોધો અને જિંદગીની મજા લો.

છેલ્લે તમારી જિંદગીના તમે હીરો છો, જો કોઈ કોઈ કાલ્પનિક જેલ તમને ખુશ થતા રોકે છે તો એ જેલમાંથી નીકળવા સુરંગ તો બનાવવી જ પડશે.

**સમય સમયની વાત છે,**
**હવા માં ગુંજી રહ્યો એનો સાદ છે,**
**ભલે એ નથી આજે મારી સમીપ,**
**એની યાદ સદા મારી સાથ છે,**

આપણી સફળતામાં જો કોઈ મોટો અવરોધ હોય તો તે સમયની બરબાદી છે. એકવાર હાથમાંથી છૂટી ગયેલો સમય ક્યારેય પાછો આવતો નથી. આપણો ખૂબ જ મૂલ્યવાન વર્તમાન સમય એ ભૂતકાળ બની જશે અને કદી ક્યારેય પાછો નહી આવે. એટલે જ એક કહેવત સાચી લાગે છે કે વીતેલો સમય અને બોલેલા શબ્દો ક્યારેય પાછા આવતા નથી. સંત કબીરે પણ કહ્યું છે કે, 'કલ કરે સો આજ કર, આજ કરે સો અભી' સાચી જ વાત છે ને મિત્રો, કોઈપણ કામ કાલ પર ના મૂકવું જોઈએ. કારણ કે આજનું કામ કાલે, કાલનું પરમ દિવસે એમ કરીને કામનો બોજો વધી જાય છે. વાસી કામ વાસી ખાવા જેવું થઈ જાય છે જેમાં રસ કે રુચિ રહેતી નથી.

મહાન ચાણક્યએ પણ કહ્યું છે કે જે વ્યક્તિ પોતાના જીવનમાં સમયનું ધ્યાન નથી રાખી શકતી એના હાથમાં અસફળતા અને પછતાવાનું જ આવે છે. હજી પણ આપણે સમયની અગત્યતા સંપૂર્ણ રીતે જાણી શક્યા નથી.. પરંતુ જે લોકો સમયનું મહત્વ સમજે છે એ વિશ્વના ઈતિહાસમાં સદાયને માટે અમર રહે છે. ગેલેલિયોનું નામ તો સાંભળ્યું જ હશે. ગેલેલિયો એ દવા વેચવાનું કામ કરતા હતા એ એમાંથી થોડો સમય વિજ્ઞાન પાછળ આપતા એ આપણે જોઈ શકીએ છીએ કે ગેલેલિયોએ કેટલી શોધો કરી છે. આ રીતે મહાન વ્યક્તિઓના જીવન ચરિત્રો પરથી ખબર પડે કે એમના જીવનમાં સમયનું કેટલું મહત્વ હતું, ત્યારે તે લોકો એટલા સફળ બની શક્યા અને આજે દુનિયા એમને યાદ કરે છે.

આજે જાપાન દેશ ખૂબ જ સફળ મનાય છે. ત્યાંના લોકો પોતાના વ્યાવસાયિક કામમાં સમય મળે એટલે નિયમિત રીતે કોઈ નવું રમકડું કે મશીન બનાવે છે અને આનાથી એ અઢળક પૈસા કમાય છે. જાપાનના લોકોની ખૂશહાલીનું સૌથી મોટું રહસ્ય એ સમયનો સદ્‌ઉપયોગ જ છે.

ચોક્કસ સમયપાલનની ટેવ વિદ્યાર્થીકાળથી જ પડવી જોઈએ. આપણે જાણીએ છીએ કે વર્ષમાં અમુક નિશ્ચિત પરિક્ષાઓ આવતી હોય છે. સમયસર અને ટાઈમટેબલ મુજબ અભ્યાસ કરવામાં આવે તો પરિક્ષા સમયે સારી રીતે તેનું પુનરાવર્તન કરીને સારું પરિણામ મેળવી શકાય. વિદ્યાર્થી જીવન એ શાળા-કોલેજની પરિક્ષા જ પાસ કરવાનો સમય નથી, પરંતુ વ્યક્તિમાં સદ્‌ગુણો, વિનય, વિવેક વગેરે કેળવવાનો પણ સમય છે. વિદ્યાર્થી જીવન દરમિયાન જો નિયમિતતા અને સમય પાલન સચવાય તો વિદ્યાર્થીને તેની સુષુપ્ત શક્તિઓ ખીલવવા તક મળે છે. યોગ્ય સમયપાલન હોય તો તે શારીરિક ક્ષમતા વિકસાવી શકે છે. આમ, વિદ્યાર્થી જીવનમાં સમયની સૌથી વધુ અગત્ય છે એ આપણે સમજવું જોઈએ.

સમય એ ઉચ્ચ શિખર પર પહોંચવાની સીડી છે. જીવનનો મહેલ એ સમયની એક એક પળ જેવી ઈંટથી બને છે. પ્રકૃતિએ કોઈને અમીર કે ગરીબ નથી બનાવ્યા. સૌને સરખો જ સમય આપ્યો છે. આપણે કેટલો પણ પરિશ્રમ કરી લઈએ પરંતુ સમય ના સાચવ્યો હોય તો તે વ્યર્થ જ છે. જીવનની દરેક ઘડી કે દરેક પળ એ આપણા ઉજ્વળ ભવિષ્યની સંભાવનાઓ સાથે આવે છે. શું ખબર આપણે જે પળને વ્યર્થ કરી રહ્યા છીએ એ જ પળ આપણી સફળતાની પળ હોય! એટલે જ આપણું એક કર્તવ્ય છે કે આપણે સમયનો સદુપયોગ કરીએ.

લેખક રિચાર્ડ ચર્ચના લઘુનિબંધોના એક સંગ્રહમાં સરસ પ્રસંગ આલેખ્યો છેઃ

એક માણસ સમય વિશે ભારે સભાન. સમય પાલનમાં પાક્કો. ફુરસદના સમયમાં પણ એ નિરર્થક પ્રવૃત્તિઓ કરવાનું રાખતો. સ્વાભાવિક છે કે એનું ધ્યાન ઘડિયાળના કાંટા પર જ રહે.

ટ્રેનમાં મુસાફરી કરતાં એક સ્ટેશને કશુંક લેવા ઊતર્યો. ટ્રેનમાં બેસીને સમય જોવા કાંડા પર નજર કરી તો ઘડિયાળ ન મળે.

સ્ટેશન પર ઊતર્યો ત્યારે ગુમ થયેલી એ ઘડિયાળની કિંમત કરતાં એને સમય જાણવાનું મૂલ્ય વધારે હતું. એક-બે વખત સાથેના ઉતારુને સમય પૂછી લીધો, પરંતુ વારંવાર આવું કરવું પણ તેને યોગ્ય લાગ્યું નહીં. આથી સ્ટેશન આવે ત્યારે ટ્રેનની બારીમાંથી ડોકું બહાર કાઢીને આવતા જતા કુલીને સમય પૂછી લે.

એક સ્ટેશને વિચિત્ર અનુભવ થયો. એક કુલીને સમય પૂછયો તો કહે ખબર નથી... આથી ચિડાઈને એ માણસ કહે, ''કેમ સ્ટેશન પર ઘડિયાળ નથી?'' કુલી કહે, અહીં ઘડિયાળ તો ઘણીય છે, પણ મારે એની સાથે શું લાગે-વળગે? સમય સમયનું કામ કરે છે ને હું મારું કામ કરું છું.''

કુલીની વાત સો ટચના સોના જેવી છે. સમયનું મહત્ત્વ ખરું, પણ સમયની પરાધીનતા રાખવી એ ખોટું. સમય વહેતો રહે છે એ સાચું, પણ સમયને પકડમાં લેવાની વાત ખોટી, મૂળ વાત એ છે કે, ''મળેલા સમયનું મૂલ્ય એનો ઉપયોગ કરી જાણવામાં છે, નહીં કે એની પાછળ દોડવામાં.

નોંધી રાખો કે જે સમયસર કરવામાં આવે છે તે ઉત્સાહ તથા ઉલ્લાસની સાથે પૂરું થાય છે. દિવસો સુધી કામ મુલતવી રાખવાથી તે એક ભારરૂપ બની જાય છે. અને તે ઉકેલવામાં શક્તિ તેમ જ સમય ખર્ચાય છે. જે લોકો તેમને સોંપેલા કાર્ય અંગે એમ કહે કે 'થોડા સમય પછી હું તે જરૂર કરીશ.' તો માની લેવું કે તે કામ તેઓ ક્યારેય સમયસર કરશે જ નહિ. યોગ્ય સમયે જો બી વાવવામાં આવે તો જ તેનું સંતોષકારક પરિણામ આવે છે, તેવી રીતે યોગ્ય સમયે કરેલું કામ સારી રીતે ફળે છે.

*- સાભાર*

## જૈન જાગૃતિ સેન્ટરના નવા સેન્ટરો ખોલવા બાબત...

**ભારતભરના તથા પરદેશમાં વસતા સમગ્ર જૈનોને એક છત્ર નીચે લાવી જૈનોનો સામાજીક તથા રાજકીય ક્ષેત્રે અવાજ બુલંદ બનાવવા જૈન જાગૃતિ સેન્ટરની નેમને વધુ સફળ બનાવવા આપણા ધ્યાનમાં કોઈ એવું ક્ષેત્ર હોય જ્યાં જૈનોની વસતી સારા પ્રમાણમાં હોય અને ત્યાં જૈન જાગૃતિનું કોઈ પણ સેન્ટર ન હોય તો આપને વિનંતી છે કે આપ ત્યાં સેન્ટર ખોલવા પ્રયત્ન કરો અને તે વિષે જૈન જાગૃતિ સેન્ટરની ઑફિસે જાણ કરો.**

**સંપર્કઃ ૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭.**

**ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૬૯૫૬૬૯૯**

**લિ. સેક્રેટરી જનરલ**

**જૈન જાગૃતિ સેન્ટર, સેન્ટ્રલ બોર્ડ**

# અપેક્ષા એટલે દુ:ખનું મૂળ કે સુખનું ? ? ?

**જાદવજી કાનજી વોરા**

અપેક્ષા એટલે કોઈક વ્યક્તિ, સમાજ કે પછી સરકાર પાસેથી કશુંક મેળવવાની કે પ્રાપ્ત કરવાની ઈચ્છા. સામાન્ય રીતે મોટા ભાગના બધા જ મનુષ્યોને કોઈક ને કોઈક પ્રકારની ઈચ્છા-અપેક્ષાઓ હોય જ છે. આવી ઈચ્છાઓ કે અપેક્ષાઓ જ્યારે પૂરી થતી નથી ત્યારે સ્વાભાવિકપણે વ્યક્તિના મનને દુ:ખ થાય છે એટલે જ અપેક્ષાઓને દુ:ખનું મૂળ કહેવાયું છે. છતાં ય, આજે અપેક્ષાઓ વગરનો માણસ મળવો મુશ્કેલ છે. દરેકે દરેક માણસને નાની કે મોટી અપેક્ષાઓ હોય જ છે અને પાછું આ અપેક્ષાઓનો અંત પણ હોતો નથી. જેવી કે એક અપેક્ષા પૂરી થઈ કે બીજી અપેક્ષા ટાંપીને બેઠી જ હોય છે. જે તરત જ ખડી થઈ જાય છે અને તે જ્યારે પૂરી ન થાય એટલે માણસના મનમાં રહેલો અસંતોષનો અગ્નિ ભભૂકી ઉઠે છે અને માણસનુ જીવન દુ:ખી દુ:ખી થઈ જાય છે.

આજે પિતાને પોતાના પુત્રો પાસેથી કે પછી પુત્રોને પોતાના પિતાજી પાસેથી, પતિને પોતાની પત્ની પાસેથી કે પછી પત્નીને પોતાના પતિ પાસેથી, સાસુને વહુ પાસેથી કે પછી વહુને પોતાની સાસુ પાસેથી આદર અને સારા વ્યવહારની અપેક્ષા હોય જ છે. સંસારમાં અપેક્ષા વગરની કોઈ વ્યક્તિ જ નહીં મળે. ખેડૂત દાણા વાવે તો સારા પાકની અપેક્ષા રાખે જ. શિક્ષક વિદ્યાર્થી પાછળ મહેનત કરે તો તેની પાસેથી સારા પરિણામની અપેક્ષા કરે જ. લેખક લખે તો વાચક એ વાંચે અને તેની પાસેથી પ્રોત્સાહન મળશે એવી અપેક્ષા કરે જ. ગાયક કે કોઈ કલાકાર પોતાની આવડત અને મહેનત બદલ પ્રેક્ષકો પાસેથી બે તાળીની અપેક્ષા ન કરે? અરે, ગૃહિણી કે માતા પણ જમવા બેઠેલા પરિવાર સામે રસોઈનાં વખાણની અપેક્ષાએ તાકી રહે છે. સરપ્રાઈઝ ભેટ લાવતો પુરુષ પણ પરિવારની આંખોમાં એના તરફ લાગણીની અપેક્ષા કરતો હોય છે.

હકીકતમાં સમાજમાં અપેક્ષા વ્યક્તિઓનાં સંબંધ મજબૂત બનાવે છે. જીવનમાં અપેક્ષા નહીં હોય તો કોઈની ગુણવત્તા પણ નહી હોય. કોઈને 'આ ગમે છે' એવો વિચાર વિચારસરણીમાં ગુણવત્તા લાવે છે! ગઈ કાલ કરતાં આજ ઉજળી હોય એવી અપેક્ષા શું ન હોવી જોઈએ? અપેક્ષાઓથી ઉપાધિઓ કે ઝંઝટ કદાચ વધતી હોય તો ભલે વધે પણ, ઝંઝટ વગરની જીંદગી તો જંગલમાં પણ નથી હોતી તો આપણે તો સમાજમાં રહીએ છીએ. સંબંધોનાં તાણાવાણા આપણને અપેક્ષાઓથી જ જકડી રાખે છે.

જીવન અપેક્ષાઓથી જ જીવવા લાયક બને છે. બાળક જન્મે ત્યારથી માતાપિતા એની સુખાકારીની અપેક્ષા કરે છે. સ્વાસ્થ્ય, અભ્યાસ, જીવનસાથી, લગ્ન, સંતાનના સંતાન... કઈ જગ્યાએ જીવન પાસે આપણે અપેક્ષાઓ નથી રાખતા? કોઈ પણ પતિ કે પત્ની એકબીજાની પાસે અપેક્ષા ન રાખે એ સંભવ છે? ઘરે આવવાથી માંડી કમાવા સુધી પતિ પાસેથી પત્નીને અપેક્ષા ન હોય? સરસ રસોઈ કે ઘરસંચાલનની અપેક્ષા પત્ની પાસે ન હોય? સંતાનને માતાપિતા પાસે પ્રેમ, લાગણી કે સુવિધાઓ પ્રાપ્ત થશે એવી અપેક્ષા ન હોય? પડોશી રોજ અસભ્ય ભાષા બોલે તો એ માહોલમાં રહી શકાય ખરું? ટ્રાફિક પોલીસ, કરિયાણાનો વેપારી, શાકભાજી કે પછી સરકાર... આપણને અપેક્ષા ક્યાં નથી હોતી?કસરત કે ઉપવાસ કરવાથી શરીર સ્વસ્થ રહે એ અપેક્ષાથી જ લોકો જીભનાં ચટાકા છોડી જીમ કે ડાયેટીશ્યનનાં સહારે જતા હોય છે. બસ, પ્લેન કે ટ્રેનમાં ખર્ચેલા નાણાંની સામે યોગ્ય સુવિધાની આપણને અપેક્ષા ન કરે?

હવે લોકો સોશ્યલ મીડિયા પર પોતાની જાતને વ્યક્ત કરે છે તો કોઈ વાંચે કે તેની સરાહના કરે એવી અપેક્ષા રાખતા જ હોય છે! ફેસબુકમાં મૂકેલા પોતાના ફોટા, અભિપ્રાય કે પોતાની વાર્તા કોઈ વાંચે એ કોને ન ગમે? લોકો ફોટા જુએ એ અપેક્ષાએ જ ફોટા મૂકાય છે ને! અરે, માણસ ભિખારીને દાન આપીને પણ તેની પાસેથી દુઆની

અપેક્ષા રાખતો હોય છે. ધાર્મિક સ્થળોએ પ્રાર્થના કરીને પણ ઈશ્વર પાસેથી કોઈક અપેક્ષા  જ કરે છે ને!!! કોઈને મદદ કરીએ તો આપણને ખુદના આત્માને ખુશી થાય એવી અપેક્ષા કે સ્વાર્થ પણ હોય જ છે ને! કોઈને મદદ કરીએ તો આપણને ખુદના આત્માને ખુશી થાય એવી અપેક્ષા કે સ્વાર્થ પણ હોય જ છે ને! આપણે તો આરામ પણ સવારે તાજામાજા થઈને ઉઠીએ એટલા માટે જ કરતા હોઈએ છીએ. હકીકતમાં આપણી દરેક હરકત કે પ્રવૃતિ અપેક્ષાઓથી ભરપુર હોય છે.

દૈનિક સમાચારપત્ર 'સંદેશ'માં 'ચિંતનની પળે' નામક કોલમ લખતા જાણીતા ચિંતક અને સાહિત્યકાર શ્રી કૃષ્ણકાંત ઉનડકટ ''અપેક્ષા વગરનો દરેક સંબંધ અધૂરો છે!'' લેખમાં લખે છે કે, ''દરેક સંબંધ પાછળ કોઈ કારણ હોય છે. દરેક સંબંધનો કોઈ હેતુ હોય છે. દરેક સંબંધમાં કોઈ ને કોઈ અપેક્ષા હોય છે. સંબંધ જેટલો તીવ્ર એટલી અપેક્ષાઓ વધારે. અપેક્ષા વગર સંબંધનું અસ્તિત્વ જ નથી. પોતાની વ્યક્તિ પાસેથી અપેક્ષા હોય એમાં કંઈ ખોટું પણ નથી. આપણી વ્યક્તિ પાસે અપેક્ષા ન હોય તો કોની પાસે હોય? જેને કોઈ અપેક્ષા નથી એની જિંદગીમાં કંઈક ખૂટતું હોય છે. માણસ અપેક્ષાઓ સાથે જ જીવે છે અને અપેક્ષાઓ પૂરી કરવા માટે જ મહેનત કરતો રહે છે. માણસને   માત્ર પ્રેમ પામવાની જ નહીં. પ્રેમ કરવાની પણ અપેક્ષા હોય છે. જો તમારી પાસે પ્રેમ કરી શકે એવી વ્યક્તિ હોય તો તમે નસીબદાર છો.''

આ લેખમાં તેમણે એક સુંદર દાખલો આપ્યો છે જેમાં, એક પ્રેમી-પ્રેમિકા હતાં. પ્રેમી એની પ્રેમિકાને ખૂબ જ પ્રેમ કરે. તેની દરેક ઈચ્છા સંતોષે અને સતત એવું કહેતો રહે કે, ''મને તારી પાસેથી કોઈ અપેક્ષા નથી. હું તને ખરા દિલથી પ્રેમ કરું છું.''

એક દિવસ પ્રેમિકાએ કહ્યું કે, ''તું એવું કહેતો રહે છે કે મને કોઈ અપેક્ષા નથી પણ હું ઈચ્છું છું કે તું મારી પાસે કોઈ અપેક્ષા રાખ, કારણ કે અપેક્ષા પૂરી કરવાની મજા એ જ સાચો પ્રેમ છે અને તને પણ અપેક્ષા તો છે જ, તું ખોટું બોલે છે કે તને કોઈ અપેક્ષા નથી.'' આ વાત પ્રેમીને સમજાઈ નહીં. એક દિવસ અચાનક પ્રેમિકો તેની સાથે બોલવાનું ઓછું કરી નાખ્યું. પ્રેમીના વર્તનનો કોઈ રિસ્પોન્સ ન આપે. ફૂલ લાવે તો કંઈ બોલ્યા વગર બાજુમાં મૂકી દે. ચોકલેટ આપે તો તેની પ્રેમિકા કોઈ બાળકને આપી દે. પ્રેમિકાના આવા વર્તનથી પ્રેમી દુઃખી દુઃખી થઈ ગયો. એક દિવસ થાકીને તેણે કહ્યું કે, ''તું મારી સાથે આવું શા માટે કરે છે?'' પ્રેમિકાએ કહ્યું કે, ''કેમ તને તો કોઈ અપેક્ષા નથી ને! તું તારે તને ઠીક લાગે એમ કર, મને ઠીક લાગે એમ હું કરીશ.'' પ્રેમીએ કહ્યું કે, ''પણ આવું થોડું ચાલે?'' પ્રેમિકાએ કહ્યું કે, ''તો પછી કહી દે કે તને અપેક્ષા છે કે હું પણ તને પ્રેમ કરું.'' પ્રેમિકાએ પછી કહ્યું કે, ''અરે પાગલ! અપેક્ષા તો હોવાની જ છે. તને પણ અને મને પણ. હું તો કહું છું કે આપણે આપણી અપેક્ષાને વધુ તીવ્ર કરીએ. મને તો અપેક્ષા છે કે તું મને ખૂબ પ્રેમ કરે પણ સામે તનેય અપેક્ષા હોવી જોઈએ. અપેક્ષા ન હોવી તેના કરતાં અપેક્ષા હોવાની કબૂલાત હોવી એ સંબંધ વધુ નિખાલસ અને સહજ હોય છે.''

મિત્રો, ધ્યાનમાં રાખો કે, માણસે અપેક્ષા તો રાખવી જ જોઈએ. દરેક માણસ અપેક્ષા રાખતો જ હોય છે. અપેક્ષા સંતોષવી એ જ પ્રેમ છે. એ જ સંબંધ છે. મોટાભાગે તો માણસને પોતાની વ્યક્તિની અપેક્ષા સંતોષવામાં જ સાચો આનંદ મળતો હોય છે. માણસ ત્યારે સૌથી વધુ ખુશ થતો હોય છે જ્યારે તેની વ્યક્તિ તેનાથી ખુશ થાય. છે. અપેક્ષા રાખવામાં કોઈ વાંધો નથી. ધ્યાન ફક્ત એટલું જ રાખવાનું છે કે અપેક્ષા એટેલી બધી ન રાખો કે કોઈ સંતોષી ન શકે. ઘણી વખત માણસની ઈચ્છા હોય તો પણ એ અપેક્ષા સંતોષી શકતો નથી. તેનો મતલબ એ નથી હોતો કે તેને પ્રેમ નથી. દરેક માણસની એક મર્યાદા હોય છે. દરેક માણસની કોઈ મજબૂરી હોય છે. આપણી અપેક્ષા આપણા પ્રેમ ઉપર હાવી થઈ જવી ન જોઈએ. દરેક સંબંધમાં છેલ્લે સુખ અને આનંદની અપેક્ષા તો હોય જ છે. ક્યારેક દુઃખ ઓછું કરવાની તો ક્યારેક સુખને બમણું કરવાની અપેક્ષા હોય છે. સંબંધ જેટલો નજીકનો હોય એટલી જ અપેક્ષા વધુ હોવાની.

*- સાભાર સર્જનહારમાંથી*

# કોઈ ટીકા કે નિંદા કરે ત્યારે શું કરવું?

એક સંત જિજ્ઞાસુઓને કથારસ પાન કરાવી રહ્યા હતા. એ દરમિયાન એક પ્રશ્નકર્તાના મનમાં એ જાણવાની ઉત્સુકતા જાગી કે મહિનામાં ત્રીસ દિવસ પૈકી ૧૫ દિવસ અજવાળિયું કેમ અને ૧૫ દિવસ અંધારિયું કેમ? શું વિશ્વવિધાતાને એકલો શુક્લપક્ષ એટલે કે અજવાળિયું મંજૂર નહોતું? પ્રકાશ આનંદદાયક છે અને અંધકાર કષ્ટદાયક. બ્રહ્માજી પણ ભૂલ કરી બેસતા હોવા જોઈએ, નહીં તો ગુલાબ સાથે કાંટા ઉગાડવાની શી જરૂર? મહેકતાં પુષ્પોને અને સજ્જનોને અલ્પાયુ આપવાની ક્યાં આવશ્યકતા હતી? સૃષ્ટિને માણવા જન્મ ધારણ કરનાર કેટલાક લોકોને દૃષ્ટિહીન બનાવી દેવાનો કશો અર્થ ખરો? માણસની અમૃતવર્ષિણી જીભ પર નિંદારસની બુંદો ટપકાવી દેવાનો શો અર્થ?

સંત મર્મજ્ઞ હતા. એમણે કહ્યું, માણસને ગુણદર્શન અને દોષદર્શન બંને કરવાનો અધિકાર છે. માણસ દોષદર્શન કરે છે ત્યારે એવું આત્મદર્શન કરે છે ખરો કે હું શા માટે નિંદારસનો આનંદ લઈ રહ્યો છું? નિંદારસનું શિક્ષણ આપવાની ક્યાંય અકાદમી ચાલતી નથી અને છતાંય માણસ વગરસાધનાએ નિંદાનિપુણ ટીકાખોર બની જાય છે!

કુદરતની કામ કરવાની શૈલી અનોખી અને રહસ્યમય છે. ક્યાંક એમાં જ્ઞાન કામ કરે છે, ક્યાંક વિજ્ઞાન તો ક્યાંક માણસની સમજ બહારની કોઈક અલૌકિક શક્તિનો અજ્ઞાત હાથ હોવાની શક્યતા પણ નકારી ન જ શકાય. એટલે કુદરતના શ્રેષ્ઠ સર્જન તરીકે ઈશ્વરની સૃષ્ટિ અને તેનું નિર્માણ કરી કદાચ કુદરત એ સૂચવવા માગે છે કે માનવ, તું પ્રકાશયાત્રી છે. અમાવસ્યાનો અંધકાર વાસ્તવિકતા છે. એનાથી ડરીને ભાગવાની જરૂર નથી, કારણકે અંધકારની ગોદમાંથી જ પ્રકાશ પ્રગટ થવાનો છે. ઈશ્વર ઈચ્છે છે કે માણસ કેવળ તાર્કિક બનવાને બદલે શ્રદ્ધાશીલ બને!

અહીં મૈત્રીના સંદર્ભમાં સંત વિનોબાજીની એક લઘુકથાનું સ્મરણ થાય છે. તદાનુસાર બ્રહ્મદેવના મનમાં ઈચ્છા જાગી કે સૃષ્ટિનું નિર્માણ કરવામાં આવે. તે માટેનું તેમણે આયોજન પણ કરી લીધું અને કાર્ય શરૂ થવાની અણી પર હતું તે સમયે એકાએક બ્રહ્માજીના મનમાં વિચાર આવ્યો કે હું જે કાંઈ સર્જન કરું એના સારા-નરસા પક્ષને કોઈ બતાવનાર હોય તો સારું. એવો વિચાર આવતાં જ એમણે એક આકરા ટીકાકારનું નિર્માણ કર્યું અને તેને એવો અધિકાર પણ બક્ષ્યો કે તે ટીકાકારની એ જવાબદારી રહેશે કે બ્રહ્મા તરીકે પોતે જે કાંઈ સર્જન કરે તેના ગુણદોષ બતાવવા.

આટલી ભૂમિકા અને પૂર્વતૈયારી પછી બ્રહ્માજીએ પોતાના સર્જનકાર્યની ફેક્ટરી શરૂ કરી. તેઓ એકએક વસ્તુ બનાવતા ગયા અને પેલો ટીકાકાર જે તે વસ્તુનો દોષ દેખાડીને પોતાનું મહત્ત્વ સ્થાપિત કરતો ગયો. ટીકાકારની પરીક્ષા આગળ બ્રહ્માજીના સર્જનની એક પણ વસ્તુ ક્ષતિરહિત સાબિત થતી નહોતી. જેમ કે હાથી તો તમે બનાવ્યો, પણ એ બિચારો ઉપર ક્યાં જોઈ શકે છે? તમે ઊંટનું સર્જન કર્યું, પણ તે તો માત્ર ઉપર જ જોઈ શકે છે! ગધેડું ભાર તો ઊંચકે છે, પણ એનામાં ચપળતા નથી અને વાંદરામાં તમે ભારોભાર ચંચળતા ઠાલવી દીધી છે!' આમ ટીકાકાર એક પછી એક ટીકાનાં તીર બ્રહ્માજી પર છોડતો રહ્યો.

બ્રહ્માજી કંટાળી ગયા. એમની બુદ્ધિ જાણે કે બહેર મારી ગઈ. છેવટે એમણે અંતિમ પ્રયત્ન કરી લેવાનો નિર્ણય કર્યો અને પોતાની તમામ કારીગરી વાપરીને 'મનુષ્ય'નું નિર્માણ કર્યું. બ્રહ્માએ મનોમન વિચાર્યું કે મેં આ સૃષ્ટિનું સર્વોત્કૃષ્ટ સર્જન કર્યું છે, એટલે ટીકાકારને કદાચ આ સર્જનમાં કોઈ દોષ દેખાશે નહીં.

ટીકાકાર અત્યંત ધ્યાનપૂર્વક બ્રહ્માજીએ સર્જેલા મનુષ્યનું પરીક્ષણ-મૂલ્યાંકન કરવા લાગ્યો. અંતે એને મનુષ્યના સર્જનમાં એક ક્ષતિ હાથ લાગી. પેલા ટીકાકારે બ્રહ્માજીને કહ્યું, 'તમે માણસનું સર્જન તો કર્યું, પણ એક વ્યવસ્થા કરવાનું તમે ભૂલી ગયા! માણસની છાતીમાં એક બારી હોવી જોઈતી હતી, જેથી એના વિચારો બધા લોકો સમજી શકે!'

બ્રહ્માજીના વસવસાનો પાર ન રહ્યો. મેં હાથે કરીને પગ પર કુહાડો માર્યો. એમણે દુઃખ સાથે પેલા ટીકાકારને કહ્યું, 'મેં તારું નિર્માણ કર્યું, એ જ મારી ભૂલ થઈ ગઈ! હવે હું તને શંકરને હવાલે કરું જેથી તેઓ તારી સાન ઠેકાણે લાવે.'

વિનોબાજી વાર્તાને અંતે કહે છે કે પેલા ટીકાકાર પર બ્રહ્માજીને દયા આવી હશે એટલે શંકર ભગવાનને હવાલે નહીં કર્યો હોય, અથવા એમ પણ બને કે શંકરે જાતે જ એ ટીકાખોર પર પોતાની શક્તિ નહીં અજમાવી હોય. જે કાંઈ બન્યું હશે, પરંતુ આજે ટીકાકારોની જમાત પુષ્કળ વધી ગઈ છે.

માણસના મનમાં પણ પ્રશંસા અને ટીકા-નિંદાની ભરતી-ઓટ આવ્યા જ કરે છે. ક્યારેક નાની ભરતી આવે છે, ક્યારેક મોટી. માણસ પ્રશંસામાં ભલે પાછીપાની કરે, પણ ટીકાયુદ્ધમાં વિજેતા બનવામાં કશી જ કચાશ રાખતો નથી. માણસ એટલે દોષસંશોધક સિદ્ધહસ્ત પ્રાણી. માણસ પોતાના સિવાય તમામ લોકોના દોષોની લાંબીલચક યાદી આસાનીથી કરી શકે છે. સંત અને સામાન્ય જનમાં આ જ ફેર છે. જાતની ટીકા કરે તે સંત અને જગનિંદા કરે તે નિમ્ન માણસ. માણસની ગુણદષ્ટિ અગ્નિને જુએ છે, જ્યારે દોષદષ્ટિ ધુમાડાને. અંધકાર-ઉપાસકોનો પણ એક સંપ્રદાય છે. આ સંપ્રદાયની એ લાક્ષણિકતા છે કે નેતૃત્વ વગર પણ એના અનુયાયીઓ વધ્યા જ કરે છે.

ટીકાખોરી એ ચેપી રોગ છે. એક વ્યક્તિ બીજી વ્યક્તિની ટીકા કરે, એ ટીકાનો શિકાર બનેલો માણસ પણ એનાથીય આકરી, બદતર ટીકા કરવા મેદાને પડવાનો, કારણકે માણસને ટીકાત્મક શબ્દો તીરની જેમ સાલતા હોય છે. માણસ ભલે શ્યામરંગી કૃષ્ણ સમીપે જાય, પણ એણે શ્યામરંગ સમીપે નહીં જવાની પ્રતિજ્ઞા કરવી જોઈએ.

માણસ જ્યારે કોઈ પણ વસ્તુ, વ્યક્તિ, સ્થિતિ, પરિસ્થિતિની ટીકા કરતો હોય છે, ત્યારે મનોમન પોતાની જાતને અવશ્ય આશ્વસ્ત કરતો જ હશે કે પોતે તેવા દોષ કે ટીકાપાત્ર પરિસ્થિતિથી મુક્ત છે. સત્ય માણસને કટુ સ્વાદવાળા ભોજન જેવું લાગે છે, જ્યારે ટીકાભર્યું અસત્ય તેને છપ્પન ભોગ જેવું સ્વાદિષ્ટ લાગે છે!

માણસ ભલે સંત કબીરની કક્ષાએ પહોંચી નિંદકને પોતાના પ્રાંગણમાં કુટીર બનાવીને સ્વભાવ-સુધારણાના 'સાબુ'રૂપે સન્માનિત કરવા તૈયાર ન થાય, પણ કબીરે આપેલી બીજી સલાહ અમલી બનાવવાનું માણસ માટે મુશ્કેલ નથી! કબીર કહે છે, હાથી પોતાના રસ્તે (વટભેર) ચાલતો રહે છે, કૂતરાં ભોંકતાં હોય તો ભલે ભોંક્યાં કરે!

માણસ ટીકા કે નિંદા સહન કરવામાં સાવ પોચટ છે. લોકલાજ કે તેના ડરથી, ટીકાના શબ્દ માત્રથી વિહ્વળ બની જાય છે. તે ટીકાખોર ટીકા કે નિંદાનો આનંદ લેતો સો મણના ગાદલામાં નિરાંતે ઊંઘે છે, પણ ટીકાશ્રવણ કરનાર પથારીમાં પડખાં ફેરવતો નિસાસા નાખ્યા કરે છે! ટીકાખોરની જીત અને ટીકાના શિકાર બનનારની હાર! કેવી વિચિત્ર પરિસ્થિતિ! અંધારિયું જાતે જીતતું નથી, આપણામાં રહેલી સહિષ્ણુતા અને શુભ દષ્ટિનો અભાવ જ અંધકારને જીતવામાં મદદરૂપ થાય છે. ટીકાખોર ઘૂવડ જેવો છે. એનાથી માણસના વ્યક્તિત્વની ધવલતા, ઉજાશ કે પ્રકાશ સહન નથી થતા!

ટીકાખોરોએ સદ્વર્તનનો દાખલો ઈશ્વર પાસેથી લેવા જેવો છે. ઈશ્વર માણસનો ન્યાય તોળવામાં લેશમાત્ર ઉતાવળ નથી કરતો. માણસના મૃત્યુ પહેલાં એનો હિસાબ માંડવાનો પ્રયત્ન નથી કરતો!

ડેલ કાર્નેગી ટીકા કે આલોચનાને વ્યર્થ ગણે છે, કારણકે આલોચક પોતાને 'દૂધ ધોયો' માને છે. ટીકા ભયંકર છે, કારણકે તે માણસના આત્મગૌરવ પર આક્રમણ કરી એને હચમચાવી મૂકે છે અને માણસમાં રહેલા ક્રોધને પ્રદીપ્ત થવાનું પ્રોત્સાહન પૂરું પાડે છે! આજ લગી થયેલાં યુદ્ધોમાં શસ્ત્ર કરતાં આલોચક કે ટીકાખોરની કથોલી જીભનું કારસ્તાન કેન્દ્રસ્થાને રહ્યું છે. કોઈ ટીકા કે નિંદા કરે ત્યારે શું કરવું, એ દરેકને મૂંઝવતો પ્રશ્ન છે. ટીકા કે આલોચનાને બુઠ્ઠી કરવાનો રામબાણ ઈલાજ છે ટીકાકારની ઉપેક્ષા અને ટીકા પરત્વેનું મૌન, કારણકે ક્યારેકક્યારેક મૌન ધારણ કરવું એ પણ ટીકાખોરની ટીકાનો તીખો-ધારદાર ઉત્તર નીવડતો હોય છે! ટીકા પરત્વેની શુભ દષ્ટિ માણસને એ પણ શીખવતી હોય છે કે ટીકામાં જો સાર હોય તો તેટલો અંશ સ્વીકારી આત્મદર્શન દ્વારા શુદ્ધ થવાની મનોમન કોશિશ કરવી. માણસનું મન ટીકાના સરવાળાને બદલે તેની બાદબાકી કરવાનું જાણતું હોય તો? જો તમે પોતે ટીકાખોર બનવાનું છોડશો તો ટીકાની બાદબાકીના શ્રીગણેશ થશે. ટીકાખોર એ કોલસા જેવો છે. એ ઊજળો બનશે, એની રાહ જોવી એ આત્મપ્રવંચના છે. જેવો છે તેવો તેને સ્વીકારી આપણા કાન બંધ કરી દેવા એ જ આપણે માટે શ્રેષ્ઠ વિકલ્પ.

*- સાભાર*

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

## યુવક

| નં | નામ, જ.તા., ઊંચાઇ, અભ્યાસ, વ્યવસાય | જ્ઞાતિ-મૂળ વતન-હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | પ્રણવભાઇ નરેશભાઇ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫-૭'<br>Bcom - સર્વિસ | દેરાવાસી શ્વે. મૂ.વિ.ઓ.જૈન<br>પાલનપુર-બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>(મો) ૮૨૯૧૩૮૩૮૭૮ |
| ૨) | મિનય મહેશભાઇ મહેતા, ૪-૧૧-૧૯૮૮, ૬'-૦''<br>M.B.A., B.M.S., – નિર્દોષ છૂટાછેડા | ઘોઘારી વિશાશ્રીમાળી જૈન<br>શિહોર – ભાયંદર | (મો) ૯૩૨૦૫૪૪૩૫૧<br>(મો) ૯૮૬૯૬૭૧૭૦૫ |
| ૩) | દેવાંગ એચ. શાહ, ૨૪-૧૨-૧૯૮૨, ૫'-૨''<br>Bcom – | જૈન શ્વેતાંબર<br>ગુજરાત - મુંબઇ | (મો) ૯૯૨૦૫૮૭૫૯૮<br>(મો) - |
| ૪) | કુનાલ નરેશ શાહ, ૧૯-૪-૧૯૯૧, ૫-૧૧'<br>B.Com., LLB., C.S. | જૈન દેરાવાસી<br>પોરબંદર - મુંબઇ | (મો) ૯૪૨૮૭૦૩૪૭૦<br>(મો) - |
| ૫) | આકાશ રમેશચંદ્ર શાહ, ૧૫-૩-૧૯૭૫, ૫'-૮''<br>BEIT.,Engg. - સર્વિસ (છુટાછેડા) | દેરાવાસી જૈન<br>ગુજરાત- સી.એ., યુ.એસ.એ. | (ઘર) ૯૩૭૫૭૧૫૩૨૯<br>(મો) - |
| ૬) | વિશાલ હસુભાઇ શાહ, ૨૧-૯-૧૯૭૮ ૫'-૮''<br>B.Com.,- બિઝનેસ | દેરાવાસી જૈન<br>લાઠીદળ - બોરીવલી | (ઘર) -<br>(મો) ૭૫૦૬૬૩૯૯૩૭ |
| ૭) | રાજન મહેતા, ૭-૪-૧૯૮૫ ૫'-૧૦''<br>H.S.C. with diploma gra. design - બિઝનેસ (છુટાછેડા) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>વરાદિયા - ગુજરાત - ઘાટકોપર | (ઘર) ૦૨૨૨૧૦૨૩૭૭૪<br>(મો) ૯૮૨૧૪૪૨૮૫૦ |


## યુવતી

| | | | |
|---|---|---|---|
| ૧) | જલ્પા જયકાન્તભાઇ શાહ, ૨૨-૧-૧૯૮૫ ૫'-૪''<br>બી.કૉમ. - (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૯૩૨૩૩૩૪૩૦૭<br>(મો) ૯૮૨૦૦૪૧૦૭૧ |
| ૨) | મૈત્રી શૈલેષ મહેતા, ૨૪-૧-૧૯૮૯, ૫'<br>BBI, Mcom (નિર્દોષ છૂટાછેડા) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈના<br>સાવરકુંડલા - ગોરેગાંવ | (મો) ૯૬૬૪૯૪૩૪૩૩<br>(ઘર) - |
| ૩) | ઝંખના ગિરીશભાઇ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'- ૩''<br>B.Com, C.A. | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૦૨૨૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૪) | ધ્વનિ ભરત શાહ, ૧૪-૫-૧૯૯૦, ૫'-૭''<br>M.Com, Business (નોંધ: લગ્ન મુંબઇમાં જ કરવા છે) | શ્રી કઠોર જૈન વિશાશ્રીમાળી જ્ઞાતિ<br>કઠોર (સુરત) - ઘાટકોપર (ઈ) | (ઘર) ૨૧૦૨૨૮૧૨<br>(મો) ૯૮૬૯૩૧૭૬૨૩ |
| ૫) | જીનલ તુષારકુમાર શાહ, ૭-૧૦-૧૯૯૨, ૫'-''<br>B.Com. | સત્તાવીસ દશા પોરવાડ જૈન<br>શેરીસા - મુંબઇ | (ઘર) ૨૩૮૮૬૧૧૪<br>(મો) ૯૮૩૩૫૫૧૦૨૩ |
| ૬) | શિલ્પા કનુભાઇ વોરા, ૧૨-૪-૧૯૬૯, ૪'-૧૧''<br>B.Com. (છુટાછેડા) | વિશાશ્રીમાળી દેરાવાસી જૈન<br>જામનગર - કાંદિવલી | (ઘર) -<br>(મો) ૯૯૮૭૩૭૫૮૩૧ |
| ૭) | મેઘા પરેશ શાહ, ૧૯-૧૦-૮૭, ૫'-૭''<br>B.Com. MBA (Finance) (મંગળ છે) | દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન<br>માંગરોળ - મુલુંડ | (ઘર) ૨૧૬૪૧૨૯૫<br>(મો) ૯૮૨૧૦૪૧૫૨૦ |
| ૮) | દિપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૭૬, ૫ -૨'<br>S.S.C. (મંગળ-શનિ હળવો છે) | શ્રી સુરત વિશા ઓસવાલ જૈન દેરાવાસી<br>સુરત - અંધેરી (ઈ) | (ઘર) -<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |

# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
# જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ
# આયોજિત

## અમેરિકામાં અભ્યાસ કરતા અને અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓનું અભૂતપૂર્વ સ્નેહમિલન

**JJC STUDENTS ASSOCIATION, USA**
**10th & 11th AUGUST, 2019**



જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ઉચ્ચ શિક્ષણ અભિયાન અંતર્ગત લગભગ ૧૨૫૦ વિદ્યાર્થીઓ અમેરિકા ઉચ્ચ અભ્યાસાર્થે ગયા છે. જેમાંથી ૭૦% વિદ્યાર્થીઓએ પોતાનો અભ્યાસ પૂર્ણ કરેલ છે અને તેઓ ત્યાં જોબ કરી રહ્યાં છે અને મોટાં ભાગના વિદ્યાર્થીઓએ તેમણે લીધેલ લોન પણ પરત કરી દીધેલ છે.

### અમારો મુખ્ય હેતુ

**નેટવર્કીંગ:** વિદ્યાર્થીઓ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા રહે.

**માર્ગદર્શન :** જે વિદ્યાર્થીએ ભણતર પૂર્ણ કરેલ હોય તેઓએ તે નવા વિદ્યાર્થીને પડતી તકલીફ તથા જોબ મેળવવા માટે માર્ગદર્શન મળે એવી તજવીજ કરે.

**પરિચય સંમેલન :** લગ્ન વિષયક, પરિચય અને મૈત્રી પાંગરે.

આપ સહુ વિદ્યાર્થીઓને અમે નમ્ર વિનંતી કરીએ છીએ કે આપણા એસોસીએશનની સ્થાપના પ્રસંગે આયોજિત કૉન્ફરન્સમાં આવી આપણા જેજેસી પરિવારની એક અનોખી ઓળખ ઉભી કરવામાં સહભાગી બનશો.

જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટને અમેરિકામાં ઉચ્ચ શિક્ષણ અભિયાનમાં ભણતા વિદ્યાર્થીઓની સ્થાપનાના પ્રણેતા શ્રીમતી મીનાક્ષીબેન તથા ડૉ. શ્રીમાન દીપકભાઈ શાહ જેઓ Tampa Florida (USA) ખાતે આયોજન કરશે.

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ**
**શ્રી સંજય બી. શાહ (ચેરમેન)**

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ ચેરિટેબલ ટ્રસ્ટ**
**શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી (ચેરમેન)**

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 15th & Posted on 25-26 Every Month
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MCN/296/2019-2021

PANORAMA
@the address
Ghatkopar (W)

The Wadhwa Group
Landmarks planned with passion

A HOME LARGE ENOUGH FOR EVERYONE TO ENJOY THEIR OWN SPACE

SPACIOUS DUPLEX RESIDENCES FOR JOINT FAMILIES




LUXURY 4 BED RESIDENCES AND DUPLEXES
STARTING FROM ₹ 9.02 CR*

PROJECT HIGHLIGHTS

Clubhouse | Mini-theatre | Children's play area | Indoor games | Fitness studio
Ballroom | Multi-level car parking | 4 swimming pools with separate kids' pool | Gymnasium

OC RECEIVED | NO GST APPLICABLE

+91 99676 58026

Site Address: Panorama@ The Address, Opp. R City Mall, LBS Marg, Ghatkopar West, Mumbai - 400 086.

Disclaimer: Pictures, visuals, furnitures and fixtures are only for representation purpose & the villas shall be sold in bare shell condition only. The mentioned project is mortgaged to Aditya Birla Finance Ltd., Aditya Birla Housing Finance Ltd. and HDFC Ltd. No Objection Certificate (NOC)/Permission of the mortgagee bank would be provided for sale of flats/units/property, if required. *Terms & Conditions Apply.

Advt.

Printed & Published by : **SANJAY B. SHAH** on behalf of **JAIN JAGRUTI CENTRE**, Printed at **ARIHANT PRINTING PRESS**, Plot No. 310, Saibaba Nagar, Behind Trikal Bldg., Pant Nagar, Ghatkopar (East), Mumbai - 400 075 and Published from Jain Jagruti Centre, Central Board Charitable Trust, 201, Mathura Arcade, Subhash Road, Vile Parle (East), Mumbai - 400 057. Editor : **CHANDRAKANT F. SHAH**